Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત પુસ્તક:૮૫
૨૦૪૪-~~૨૦૪૫~~
અને
૧૯૮૭-૧૯૮૮

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક ફાઈલ
૮૫

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

卐卐

# શ્રી આત્માનંદ પ્રકાશ



## મનન

જગત મને જે કાંઇ આપે
તે કૃતજ્ઞભાવે ગ્રહણ કરીશ
અને સાંજ ઢળતા હું મારી જાતને પૂછીશ
આજે તે કોઇને
આનંદનો કણ આપ્યો છે કે નહિ ?

'પરમસમીપે'માંથી સાભાર.

પુસ્તક : ૮૫ કારતક-માગશર આત્મ સંવત ૯૨
નવે.-ડીસે. વીર સંવત ૨૫૧૪
અંક : ૧-૨ ૧૯૮૭ વિક્રમ સંવત ૨૦૪૪

卐卐

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વિમળનાથ જિનસ્તવન | ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. | ૧ |
| ૨ | નૂતન વર્ષના મંગળ પ્રભાતે | શ્રી હીરાલાલ બી. શાહ | ૨ |
| ૩ | શ્રાવકના ત્રણ મનોરથ | શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મ. | ૫ |
| ૪ | એક તુલના | પ્રો. નવિનભાઈ જે. શાહ | ૮ |
| ૫ | અહિંસાનું મહત્ત્વ | અનુ. પ્રા. અરુણ જોષી | ૧૧ |
| ૬ | (૩) અભયદાનનો આનંદ | શ્રી કુમારપાળ દેસાઈ | ૧૬ |
| ૭ | નવમો સાહિત્ય સમારંભ | — | ૨૭ |


શ્રી જૈન આત્માનંદ સભાના નવા પેટ્રન સાહેબ

## ૧. શેઠશ્રી નગીનદાસ વીઠ્ઠલદાસ કાંટાવાળા (હાલ–મુંબઈ) ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભાના નવા આજીવન સભ્યો

૧. શાહ છોટાલાલ વીઠ્ઠલદાસ (ખદરપુરવાળા) ભાવનગર
૨. શેઠ રમણીકલાલ સવાયલાલ પારેખ ભાવનગર
૩. શ્રીમતી હસુમતી હર્ષદરાય શાહ ભાવનગર
૪. શ્રી મહેન્દ્રકુમાર રતિલાલ શાહ ભાવનગર
૫. શ્રી ચીમનલાલ મુળચંદ શાહ ભાવનગર
૬. શ્રીમતી કુમુદબેન સુર્યકાન્ત વોરા ભાવનગર
૭. શ્રીમતી કુમુદબેન નટવરલાલ શાહ ભાવનગર
૮. શ્રીમતી શાન્તાબેન બળવંતરાય શાહ ભાવનગર
૯. શ્રી કાન્તિલાલ શામજીભાઈ લાખાણી ભાવનગર

માનદ્ સહતંત્રીઓ : કુ. કોકિલાબેન બી. શાહ, શ્રીમતી માલતીબેન કે. એમ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્દતંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ : કાર્તિક માગશર નવે ડીસે-૧૯૮૭ ● [અંક : ૧-૨


## શ્રી વિમળનાથ જિન સ્તવન

સેવો ભવિયા વિમળ જિનેશ્વર, દુલ્લહા સજ્જન સંગાજી;
એહવા પ્રભુનું દરિશન લેવું, તે આળસમાં ગંગાજી. સેવો૦ ૧

અવસર પામી આળસ કરશે, તે મુરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સેવો૦ ૨

ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથી જે પોળ પોળીયો, કર્મ વિવર ઉઘાડેજી. સેવો૦ ૩

તત્ત્વપ્રીતિ કર પાણી પાયે, વિમલા લોકે આંજીજી;
લોયણગુરુ પરમાન્ન દીએ તવ, ભ્રમ નાખે સવી ભાંજીજી. સેવો૦ ૪

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુ શું પ્રેમે, વાત કરૂં મન ખોલીજી;
સરળ તણે જે હૈયે આવે, તેહ જણાવે બોલીજી. સેવો૦ ૫

શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચુંજી;
કોટી કપટ જો કોઇ દિખાવે, તોહિ પ્રભુ વિણનવી રાચુંજી. સેવો૦ ૬

—ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

શ્રી હીરાલાલ બી. શાહ

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ૮૪ વર્ષો પૂરા કરીને ૮૫મા વર્ષમાં પ્રવેશ કરે છે. એ આપણા બધા માટે ખૂબ જ ગૌરવનો વિષય છે.

"શ્રી આત્માનંદ પ્રકાશ" આત્મજ્ઞાનની પમરાટ પ્રસરાવતું. સદ્‌જીવન અર્થે અમૃતપાન કરાવતું, જ્ઞાન આરાધના માટે સર્વોત્તમ તક આપતું, પ્રગતિના પંથે નિશ્ચિત કદમ સાથે ધપી રહ્યું છે: "ઉચ્ચતમ જીવન અને જીવન સાર્થકતા સાંપડો" એ શુભ આશિષની લ્હાણ વાચક વર્ગને આપે છે.

અમે માસિકમાં વિદ્વાન પૂ. ગુરૂ ભગવંતોના લેખો, વિદ્વાન ભાઇ-બહેનોના લેખો, જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના લેખો, કર્મ અને ભક્તિના લેખો જૈન ઇતિહાસના લેખો વગેરે માસિકમા રજુ કરીને યથાશક્તિ જૈન શાસનની સેવા કરવાની અભિલાષા રાખીએ છીએ.

પ. પૂ. ગુરુ ભગવંતો, વિદ્વાન લેખક ભાઈઓ અને બહેનોએ તેઓના જૈનદર્શન, જૈન સાહિત્ય, જૈન ઈતિહાસ અને જૈન ધર્મ અંગે વિદ્વદભોગ્ય તેમજ લોકભોગ્ય લેખો મોકલી અમને ઉપકૃત કર્યા છે તેવાજ સહકારની નવા વર્ષમાં આશા રાખીએ છીએ. નવા વર્ષે પણ લેખો મોકલવાની આગ્રહ ભરી વિનંતી કરીએ છીએ.

શ્રી આત્માનંદ સભાની અન્ય પ્રવૃત્તિઓ પર જરા નજર કરીએ.

**પુસ્તક પ્રકાશન :-** આ સંસ્થાનું મહત્વનું કાર્ય પુસ્તક પ્રકાશનું. છેલ્લા આઠ વર્ષમાં આ સંસ્થાએ દસ પુસ્તકો પ્રગટ કરેલ છે. ગત વર્ષમાં સભાના સભ્યોને "શ્રી આત્મવિશુદ્ધિ" પુસ્તક ભેટ આપવામાં આવેલ છે. જૈન સાહિત્યના તેમજ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના તલસ્પર્શી જ્ઞાતા તેમજ આગમ સંસોધક પરમ પૂજ્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અથાક પરિશ્રમ કરી સંશોધન કરેલ અને સંપાદિત કરેલ શ્રી દ્વાદશારંનયચક્રમ ભાગ ત્રીજો ટૂંક સમયમાં પ્રગટ કરી શકીશું એવી ધારણા છે.

આ સંસ્થા પોતાના જ મકાનમાં "જાહેર શ્રી વાચનાલય" ચલાવે છે. ભાવનગર, રાજકોટ, અમદાવાદ અને મુંબઇના ગુજરાતી છાપાઓ વાંચવા માટે મૂકવામાં આવે છે. તે ઉપરાંત ધાર્મિક અને અન્ય માસિકો પણ વાંચવા માટે મૂકવામાં આવે છે. અનેક વ્યક્તિઓ તેનો લાભ લે છે.

આ સંસ્થા સારી લાઇબ્રેરી ચલાવે છે. જેની અંદર જૈનધર્મની પ્રતો, જૈનધર્મના પુસ્તકો, સંસ્કૃત-પ્રાકૃત પુસ્તકો, અંગ્રેજી પુસ્તકો, હિન્દી પુસ્તકો, અને ગુજરાતી પુસ્તકો અને નોવેલ વગેરે છે. જેનો લાભ પ. પૂ. ગુરૂ ભગવંતો અને પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો ચોમાસા દરમ્યાન અભ્યાસ માટે તેમજ વ્યાખ્યાનમાં પ્રવચન આપવા માટે સારા પ્રમાણમાં લે છે. જૈન અને જૈનતર ભાઇઓ અને બહેનો વર્ષ દરમ્યાન સારા પ્રમાણમાં લાભ લે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ધાર્મિક પ્રવૃત્તિઓ :-**

૧. સંવત ૨૦૪૩ના માગશર શુદ બીજી તેરશને રવિવાર તા. ૧૪-૧૨-૮૬ના રોજ સભાસદોને આમંત્રણ આપીને ઘોઘાતીર્થ યાત્રા કરવા ગયા હતા. સારી સંખ્યામાં સભાસદોએ લાભ લીધો હતો. ત્યાં પૂજા ભણાવવામાં આવી હતી આવેલ સભાસદોની સવાર બપોર ભક્તિ કરવામાં આવી હતી.

૨. સંવત ૨૦૪૩ના મહા શુદ દશમ તા. ૮-૨-૮૭ને રવિવારના રોજ આ સભાના સભાસદોને આમંત્રણ આપીને શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં નવ્વાણું પ્રકારની પૂજા ભણાવામાં આવી હતી. આવેલ સભાસદોની સવાર બપોર ભક્તિ કરવામાં આવી હતી અને બન્ને ટાઈમ ગુરૂ ભક્તિ કરવામાં આવી હતી.

૩. પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજનો ૧૫૧મો જન્મ જયંતી મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૪૩ના ચૈત્ર શુદી એકમને સોમવાર તા. ૩૦-૩-૮૭ના રોજ સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં પૂજા ભણાવવામાં આવી હતી. સવાર બપોર આવેલ સભાસદોની ભક્તિ કરવામાં આવી હતી. ગુરુ ભક્તિ બન્ને ટાઇમ કરવામાં આવી હતી.

૪. આ સભાનો ૯૧મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજ ગિરિ ઉપર સંવત ૨૦૪૩ના જેઠ શુદ દશમને રવિવાર તા. ૭-૬-૮૭ના રોજ ઉજવવામાં આવ્યો હતો. તાલધ્વજગિરિ ઉપર પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં ભક્તિ પૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સવાર બપોર આવેલ સભ્યોની સ્વામીભક્તિ તેમજ ગુરુભક્તિ કરવામાં આવી હતી.

૫. શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૩ના ભાદરવા વદ ૧૨ ને ૧૩ શનિવાર અને રવિવારના બે દિવસનો શ્રી તારંગા પંચતીર્થનો યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો. સેરીસા, પાનસર, મહુડી અને વિજાપુર વગેરે સ્થળે એ પૂજા, સેવા, દર્શન કરીને તારંગાજી તિર્થે આવ્યા હતા. તારંગાજી તિર્થ ઉપર અજિતનાથ ભગવાનના દેરાસરમાં રાગરાગણી પૂર્વક પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. આશરે ૧૧૦ સભાસદો ભાઇઓ અને બહેનો આવ્યા હતા આ યાત્રા પ્રવાસમાં ૧૨ સંઘ પૂજનો થયા હતા.

**અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. સંવત ૨૦૪૩ના કારતક શુદ એકમના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે સવારના સભાસદોનું સ્નેહમિલન રાખવામાં આવ્યું હતું અને દુધ પાર્ટી રાખવામાં આવી હતી.

૨. સંવત ૨૦૪૩ના જ્ઞાન પંચમીના રોજ સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવ્યા હતા. જ્ઞાન પૂજા કરવામાં આવી હતી. ખુબજ સારી સંખ્યામાં ભાઇઓ અને બહેનોએ જ્ઞાન પૂજનનો લાભ લીધો હતો.

૩. પ. પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી ત્રિશતાબ્દી વર્ષ નિમિત્તે આ સભા તરફથી "અમર-ઉપાધ્યાયજી" પુસ્તકની લેખિત પરીક્ષા સંવત ૨૦૪૩ના અષાડ શુદ ૯ ને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રવિવાર તા. ૫-૭-૮૭ના રોજ લેવામાં આવી હતી. તેમાં શ્રી સંઘના ૧૮ થી ૩૦ વર્ષ સુધીના ૩૭ ભાઈઓ અને બહેનો બેઠા હતાં. તેજ નિમિત્તે આચાર્યદેવ શ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબની તારક નિશ્રામાં આ સભા તરફથી ગુણાનુવાદ સભા સંવત ૨૦૪૩ના શ્રાવણ શુદ ૭ને રવિવાર તા. ૨-૮-૮૭ના રોજ શ્રી દાદા સાહેબ ઉપાશ્રયના આરાધના હોલમાં રાખવામાં આવી હતી. ઉત્તીર્ણ થયેલા ભાઇ-બહેનોને આ ગુણાનુવાદ સભામાં ઈનામો આપવામાં આવ્યા હતા. પહેલો નંબર આવનારને રૂા. ૧૦૧, બીજો નંબર આવનારને રૂા. ૭૧ અને ત્રીજો નંબર આવનારને રૂા. ૫૧ આપવામાં આવ્યા હતા. બાકીનાને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા. કુલ રૂા. ૬૯૩ના ઇનામો આપવામાં આવ્યા હતા.

૪. આ સભા દરવર્ષે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને વ્યવહારિક કેળવણીના ઉત્તેજન આપવા માટે શિષ્યવૃત્તિ આપે છે. સંવત ૨૦૪૩ની સાલ દરમ્યાન કુલ ૨૧૫૦ રૂપીયાની શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. સંવત ૨૦૪૩ની સાલમાં ભાવનગરના જૈન સમાજમાંથી S. S. C. માં પાસ થઈને સૌથી વધુ માર્કસમેળવનારને અને S. S. C. માં સંસ્કૃત વિષય લઇને સૌથી વધુ માર્કસ મેળવનારને દરેકને રૂા. ૧૦૧ના ઈનામો આપવામાં આવ્યા હતા. સંસ્કૃતમાં ૮૦ ટકાથી વધુ માર્કસ મેળવનાર દશ વિદ્યાર્થીઓને રૂા. ૫૦ના પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા.

૫. સંવત ૨૦૪૩ની સાલ દરમ્યાન ૩૫ નવા લાઈફ મેમ્બરો થયા હતા. સંવત ૨૦૪૪ની સાલથી લાઇફ મેમ્બરની ફી રૂા. ૨૫૧ કરવામાં આવી છે.

૬. "દ્વાદશારં નયચક્રમ્" ભાગ ૧-૨ (સંપાદક પ.પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ) સ્રી નિર્વાણ-કેવલિ ભુક્તિ પ્રકરણે (સંપાદક પ. પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ) જિનદત્ત કથાનકમ્ (સંપાદિકા પૂ. સાધ્વીજી ઓંકારશ્રીજી મહારાજ) પાકૃતવ્યાકરણમ્ અષ્ટમો વિભાગ નવ પરિશિષ્ટ સહિત (સંપાદક પ. પૂ. વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ) વગેરે પુસ્તકો પરદેશ અને ભારતના જૈન અને જૈનેતર વિદ્વાનો જૈનદર્શન અને વ્યાકરણના અભ્યાસ માટે મંગાવે છે અને આ સભા તેઓશ્રીને મોકલે છે.

આ સભાના કાર્યવાહકો, પેટ્રન સાહેબો, આજીવન સભ્યો, વિદ્વાન લેખકો અને લેખિકાઓ, અને હિતેચ્છુઓએ જે સાથ અને સહકાર આપેલ છે તે બદલ સહુનો ખુબજ આભાર માનવામાં આવે છે.

---

## સુવાકીવટ

સંસ્થાના સંચાલનમાં પ્રમાણિકતાનો પૂરો આગ્રહ રાખવો. દાન આપનારને ખાતરી હોવી જોઈએ. કે તેનું દાન ઊગી નીકળશે, અનેકગણું થશે. પોતાને કંઈજ છુપાવવાનું ન હોય, કોઈ ખોટો લાભ ઊઠાવ્યો ન હોય, કયાંય પક્ષપાત કર્યો ન હોય, માત્ર સંસ્થાના હિતમાં જ નિર્ણય કર્યો હોય તો કોઇનો ડર રાખવાની જરૂર ન રહે.

— ચીમનલાલ ચકુભાઈ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મહા નિર્જરા અને સંસારનો અંત કરાવનારા

# શ્રાવકના ત્રણ મનોરથ

લેખક :- પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મ. સા.

નીચેના ત્રણ મનોરથને ચિંતવતો શ્રાવક મહાનિર્જરા કરનારો અને સંસારનો અંત. કરનારો બને છે.

**મનોરથ પહેલો :-**

ક્યારે હું સર્વ પ્રકારના આરંભ અને બાહ્ય[1] અભ્યંતર[2] પરિગ્રહને છોડનારો બનીશ ?

હવે નીચે મુજબ પરિગ્રહનું ભયંકરપણું ચિંતવે છે.

પરિગ્રહ કે જે —

(૧) બધા જ પાપોનું મૂળ છે.

(૨) દુર્ગતિને વધારનાર છે.

(૩) કામ, ક્રોધ, મદ, માન, માયા, લોભ, વિષય અને કષાયનો ભંડાર છે.

(૪) નરકાદિ મહા દુઃખનું કારણ છે.

(૫) મહા અનર્થકારી છે.

(૬) દુર્ગતિનું દ્વાર છે.

(૭) અશુભ લેશ્યાને વધારનાર છે.

(૮) અજ્ઞાન, મોહ, મત્સર, રાગદ્વેષનું મૂળ છે.

(૯) ક્ષમાદિ દશવિધ યતિ ધર્મ રૂપ કલ્પવૃક્ષને બાળી નાખવા માટે દાવાનલ છે.

(૧૦) જ્ઞાન, ક્રિયા, સમતા, દયા, સત્ય સંતોષ તથા બોધિ બીજ રૂપ સમકિતનો નાશ કરનાર છે.

(૧૧) સંયમ અને બ્રહ્મચર્યનો ઘાત કરનાર છે.

(૧૨) કુમતિ અને કુબુદ્ધિરૂપ દુઃખ દારિદ્રને દેવાવાળો છે.

(૧૩) સુમતિ અને સુબુદ્ધિરૂપ સુખ સૌભાગ્યનો નાશ કરનાર છે.

(૧૪) તપ સંયમ રૂપ ધનને લૂંટનારો છે.

(૧૫) લોભ કલેશ રૂપ સમુદ્રને વધારનારો છે.

(૧૬) જન્મ જરા મરણની પરંપરાને વધારનારો છે.

(૧૭) કપટનો ભંડાર છે.

(૧૮) મિથ્યાત્વદર્શનરૂપ શલ્યને ઉત્પન્ન કરનાર છે.

(૧૯) મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનાર છે.
કડવા કર્મ વિપાકને આપવાવાળો છે.
અનંત સંસારને વધારનારો છે.

(૨૦) પાંચ ઇન્દ્રિયોના વિષયરૂપ વૈરીને પુષ્ટ કરનારો છે,

---

૧ ધન, ધાન્ય, સોનું-રૂપું, તાબું, કાંસુ, વગેરે ધાતુઓ, ખેતર, ઘર, દાસ દાસી આદિ દ્વિપદ, ગાય ભેંસ આદિ ચતુષ્પદ વગેરે બાહ્ય પરિગ્રહ કહેવાય છે.

૨ રાગ-દ્વેષ, ચાર કષાય, શોક, હાસ્ય, રતિ, અરતિ, ભય જુગુપ્સા, સ્ત્રી વેદ આદિ ત્રણ વેદ અને મિથ્યાત્વ એ અભ્યંતર પરિગ્રહ કહેવાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૧) મોટી ચિંતા, મહાન શોક, મહાન ગારવ અને મહાન ખેદને કરાવનાર છે.

(૨૨) સંસારરૂપ વિષ વેલડીને વિસ્તારવા માટે મેઘ સમાન છે.

(૨૩) કૂડ, કપટ અને ક્લેશનો આકર છે.

(૨૪) મંદ બુદ્ધિવાળા જીવોથી જે આદર કરાયેલો છે અને ઉત્તમ સંયમી નિર્ગ્રંથ મહર્ષિઓએ જેને નિંદ્યો છે.

(૨૫) સર્વ જીવોને એના સમાન બીજો કોઇ વિષમ ગ્રહ નથી.

(૨૬) જીવને મોહ રૂપી પાશથી બાંધવા માટે તે દોરડા સમાન છે.

(૨૭) આ લોક અને પરલોકના સુખનો નાશ કરનાર છે.

(૨૮) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભ યોગાદિ આશ્રવોના ઘર સ્વરૂપ છે.

(૨૯) અનંત દરૂણ દુઃખ અને મહાલયને આપવાવાળો છે.

(૩૦) સાવદ્ય વ્યાપાર, કુવાણિજ્ય અને કર્માદાન આદિ મહા પાપોને કરાવનારો છે.

(૩૧) અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, અસાર, અત્રાણ, અશરણ એવા જે આરંભ અને પરિગ્રહ તેને હું ક્યારે છોડીશ? જે દિવસે છોડીશ તે દિવસ મ્હારો ધન્ય લેખીશ એ પહેલો મનોરથ.

**મનોરથ બીજો :-**

ક્યારે હું ગ્રહવાસનો સર્વથા ત્યાગ કરી સંયમધારી મુનિ બનીશ?

હવે મુનિપણાના ગુણો પ્રાપ્ત કરવાના મનોરથ પૂર્વક મુનિપણાના ગુણોની ભાવના કરતા વિચારે છે કે :-

મુનિપણું કે જે :-

(૧) દશવિધ યતિ ધર્મના પાલન સ્વરૂપ છે.

(૨) જે ધર્મનો ધોરી માર્ગ છે.

(૩) જેમાં નવ વાડે નિર્મળ-વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવાનું છે.

(૪) જેમાં સર્વ સાવદ્ય યોગોનો-પાપાકારી વ્યાપારોનો ત્યાગ છે.

(૫) જે અણગારના સત્તાવીશ ગુણોથી યુક્ત છે.

(૬) જેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન મુખ્ય છે.

(૭) જેમાં નવકલ્પી વિહાર કરવાનો છે

(૮) જેમાં દ્રવ્ય-ક્ષેત્ર કાળ અને ભાવને આશ્રયી વિવિધ અભિગ્રહો ધારણ કરવાના છે.

(૯) જેમાં દોષ રહિત વિશુદ્ધ આહાર ગ્રહણ કરવાનો છે.

(૧૦) જેમાં સત્તર અને બીજી અપેક્ષાએ સીત્તેર ભેદે સંયમનું પાલન કરવાનું છે.

(૧૧) જેમાં ૬ બાહ્ય અને ૬ અભ્યંતર એમ બાર ભેદે તપશ્ચર્યા કરવા વિધાન છે.

(૧૨) જેમાં અંત, પ્રાંત, અરસ, વિરસ અને રૂક્ષ આહાર લેવાનો છે.

(૧૩) જેમાં છ રસોનો ત્યાગ કરવાનો છે.

(૧૪) જેમાં ૬ જીવ નિકાયની દયા પાળવાની છે.

(૧૫) નિર્લોભી, નિઃસ્વાદી પંખી તુલ્ય વિપ્રમુક્ત પવનની જેમ અપ્રતિબદ્ધ વિહાર કરવાનો છે.

(૧૬) શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાપાલનના પરિણામ સહિત ઉપરોક્ત ગુણોને ધારણ કરનારો **અણગાર હું ક્યારે બનીશ?** જે દિવસે એવો અણગાર બનીશ તે દિવસને ધન્ય માનીશ. **એ બીજો મનોરથ.**

**મનોરથ ત્રીજો :-**

ક્યારે મને અંતકાલે સમાધિ પૂર્વક પંડિત મરણની પ્રાપ્તિ થશે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે તે અંગે શાસ્ત્રોક્ત વિધિ મુજબ સમાધિ મરણની અભિલાષા પૂર્વક મનોરથ કરે છે કે :–

(૧) ક્યારે હું સર્વ પાપસ્થાનકોને આલોવીશ ?

(૨) ક્યારે હું નિઃશલ્ય-શલ્ય વગરનો થઈ સકલ જીવ રાશિને ખમાવીશ ?

(૩) ક્યારે સકલ વ્રતોને સંભારીને તેમાં લાગેલા અતિચારોને આલોવીશ ?

(૪) ક્યારે હું અઢાર પાપસ્થાનકોને ત્રિવિધે ત્રિવિધે વોસીરાવીશ ?

(૫) ક્યારે હું છેલ્લા શ્વાસોશ્વાસે ચારે આહારના પચ્ચક્ખાણ કરીશ અને સર્વ સંબંધોને વોસીરાવીશ ?

(૬) મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક આરાધના આરાધતો થકો, અરિહંતાદિ ચાર માંગલિક રૂપ ચાર શરણને મુખે ઉચ્ચરતો થકો, સર્વ સાંસારિક ભાવોથી વિરામ પામતો થકો, શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતો થકો, કેવલી પ્રરૂપિત ધર્મને ધ્યાવતો થકો, શરીર ઉપરની મમતા રહિત થઈને પાદપોપમગમન સંથારા સહિત, સંલેષણા વ્રતના અતિચાર ટાલતો થકો, મરણને અણવાંછતો થકો અર્થાત્ જીવિતમાં અને મરણમાં સમાન ભાગ રાખતો છતો **એવું પંડિત મરણ અંતકાલે મને ક્યારે પ્રાપ્ત થશે** ? સમાધિ પૂર્વક એવું પંડિત મરણ મને જ્યારે પ્રાપ્ત થશે તે દિવસને હું ધન્ય માનીશ. **એ ત્રીજો મનોરથ.**

ઉપરોક્ત ત્રણ મનોરથને જે શ્રાવક મન, વચન, અને કાયાની શુદ્ધિપૂર્વક ધારણ કરશે, તે શ્રાવક સર્વ કર્મની નિર્જરા કરીને સંસારનો અંત કરી મોક્ષરૂપ શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરશે.

## શ્રાવકના મનોરથો
## ( યોગશાસ્ત્રના આધારે )

(૧) પાછલી રાત્રિએ શ્રાવક નીચે મુજબ મનોરથ કરે જેમકે રાગ દ્વેષાદિને જીતનારા જિનેશ્વર જેવા દેવ છે, જેમાં તેમજ સકલ જીવોનું હિત એજ છે, તત્વ જેમાં એવો દયા જેનો ધર્મ છે. અને જેમા પંચ મહાવ્રતધારી કંચન કામિનીના ત્યાગી ગુરૂઓ છે, તેવા શ્રાવકપણાની કયો બુદ્ધિમાન માણસ પ્રશંસા ન કરે અર્થાત્ આવા ભાગ્યવાનની બુદ્ધિમાન પ્રશંસા કરે જ !

(૨) એક બાજુ ચક્રવર્તિપણાનું સામ્રાજ્ય મળે પણ જૈન ધર્મ ન મળે તો તેવું ચક્રવર્તીપણું હું ન ઇચ્છું. બીજી બાજુ જૈન ધર્મની પ્રાપ્તિ થતી હોય તો હું દાસ કે ગરીબ થવાનું પસંદ કરૂં !

(૩) અહો ! ક્યારે હું બધા સંયોગોનો ત્યાગ કરી, જીર્ણપ્રાય વસ્ત્રવાળો થઈ, શરીર વિભૂષા આદિથી નિરપેક્ષ બની માધુકરી વૃત્તિથી મુનિચર્યાનો આચરનારો બનીશ ?

(૪) અકલ્યાણ મિત્રોની સોબતનો ત્યાગ કરી, ગુરૂ મહારાજના ચરણોની રજમાં આળોટતો યોગનો અભ્યાસ કરી જન્મ મરણ રૂપી આ ભવનો નાશ કરવાને હું ક્યારે સમર્થ થઈશ ?

(૫) હું ગાઢ રાત્રિમાં શહેરની બહાર નિશ્ચલ ઉભો રહી કાયોત્સર્ગ ધ્યાન કરતો હોઉં, ત્યારે મને થાંભલો ધારી બળદો ચાવીને પોતાના સ્કંધનું ક્યારે ઘર્ષણ કરશે ?

(૬) વનમાં પદ્માસન વાળીને બેઠો હોઉં એમ નિર્ભયપણે મારામાં વિશ્વાસ રાખી મારા ખોળામાં મૃગના બાળકો રમતા હોય તે વખતે વૃદ્ધ મૃગાધિપો આવીને મારા મુખને ક્યારે સુંઘશે ?

(૭) શત્રુ ઉપર અને મિત્ર ઉપર, તણખલા ઉપર અને સ્ત્રીના સમુદાય ઉપર, સોના ઉપર અને પથ્થર ઉપર, મણિ ઉપર અને માટી ઉપર, મોક્ષ ઉપર અને ભવ ઉપર એક સરખી બુદ્ધિવાળો અર્થાત્ રાગ દ્વેષ વિનાનો સમતાથી પરિપૂર્ણ હું ક્યારે થઇશ ?

મોક્ષ મહેલ ઉપર ચડવાને ગુણ ઠાણાની શ્રેણિ રૂપ નિસરણી સરખા તથા પરમાનંદ રૂપ લતાના કંદ સરખા મનોરથ શ્રાવકોએ સવારના પહોરમાં કરવા. એ રીતે મનોરથ કરવાથી ગૃહસ્થ પણ વિશુદ્ધ થાય છે, અર્થાત્ પાપનો ક્ષય કરનારો બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મમાં અનેકાંતવાદ વાદ અને સ્યાદ્‌વાદ તથા વિજ્ઞાનમાં અનિશ્ચિતતાવાદ અને સાપેક્ષવાદ

## એક તુલના

લે. પ્રો. નવિનભાઇ જે. શાહ (મેજર)

(૧) આપણા જૈનધર્મમાં પરાપૂર્વથી સ્થપાયેલ અનેકાંતમતવાદ અથવા સ્યાદ્‌વાદ વાદ છે. તે વિષે એટલુંજ લખવું બસ થશે કે તે વાદ મુજબ આપણે કોઈપણ બાબત વિષે ચોક્કસ કરી શકતા નથી. તેમાં છે, છે ને નથી અને નથી નથીને છે એટલે કે આમ પણ હોઇ શકે અને તેમ પણ હોઇ શકે. આ સ્યાદ્‌વાદ વાદ કોઇ જડતાવાદ નથી કે તે છાતી ઠોકીને આપણે કોઇ બાબત તત્ત્વજ્ઞાનમાં આમજ હોઈ શકે તેમ કહીએ દાખલા તરીકે જેમ ઢાલને કે સિક્કાને બે બાજુ છે તેમ દરેક મત વિષે હોઈ શકે. કયારેક ઢાલ એક બાજુ જો સોનાની હોય અને બીજી બાજુ રૂપાની હોઈ તો તે અમુક જ ધાતુની બનાવેલી છે તેમ પ્રતિપાદિત ન કરી શકાય. તેવી જ રીતે સીક્કાની એક બાજુ વ્યક્તિની છાપ હોય છે અને બીજી બાજુ તેની કીંમત. આમ બહુજ સાદી રીતે અનેકાંતમતવાદ કે સ્યાદ્‌વાદ વાદ સમજાવી શકાય.

(૨) હવે વિજ્ઞાનમાં હૈઝનવર્ગે અનિશ્ચિતતાવાદ Heisenbergs Uncertainty Principle રજુ કર્યો છે. પદાર્થોમાં મૂળભુત કુદરતી ૯૨ તત્ત્વો છે. પણ હવે તો તે કુલ કૃત્રિમ તત્ત્વો મળી ૧૦૪ તત્ત્વો સુધી આપણે પહોંચી ગયા છીએ. તેમાં તત્ત્વનો નાનામાં નાનો કણ તે atom કે પરમાણુ છે. અવિભાજય ગણાતો પણ હવે તેનુંય વિભાજન થઇ શકે છે. તેમાં વળી નાભિમાં પ્રોટોન તથા ન્યુટ્રોન અને તેની આસપાસ ઈલેકટ્રોન સતત્ ગતિ કરતા રહે છે–ફર્યા કરે. તે પરમાણુમાં યત્ર, તત્ર, સર્વત્ર વ્યાપેલા છે. હૈઝનબર્ગ નામના વૈજ્ઞાનિકે થોડાંક સમય પહેલા આ અનિશ્ચિતતાવાદનો સિદ્ધાંત પ્રસ્તુત કરેલો છે. તે મુજબ ઇલેકટ્રોનની ગતિ અને સ્થાન બન્ને આપણે એકી સાથે નિશ્ચિત કરી શકતા નથી. જો ગતિ માપવા જઈએ તો તેનું સ્થાન ચોક્કસ પણે કહી શકતા નથી. કેમકે તેનું સ્થાન પણ નિરંતર બદલતુંજ રહે છે. જો સ્થાન ચોક્કસ કરવા જઇએ તો આપણે તેની ગતિ માપી શકતા નથી. જેવી રીતે દરીયાના મોજા પાણીમાં ઉત્પન્ન થાય ત્યારે મોજા ઉછળે છે અને આગળ વધે છે. તેવે વખતે પાણીના અણુનુ સ્થાન અને ગતિ બન્ને આપણે એકી સાથે જોઈ શકતા નથી. ઉપર મુજબ સાદી ભાષામાં હૈઝનબર્ગનો અનિશ્ચિતતાવાદનો સિદ્ધાંત સમજાવેલો છે.

(૩) ત્યારે વિજ્ઞાનનો બીજો એક મહાન સિદ્ધાંત વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈને આપેલો છે જેને Theory of Relativity-સાપેક્ષવાદનો સિદ્ધાંત કહે છે, તે મુજબ દરેક માપ, પરિમાણ, વિ. સાપેક્ષ relative છે. તેણે આ સિદ્ધાંત ગણિતના સમીકરણ $E=mc^2$ રૂપે રજુ કર્યો જેમાં E= energy શક્તિ M=પદાર્થનું વજન જથ્થો અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

C પ્રકાશનો વેગ છે.

તેણે કહ્યુ કે પદાર્થ અને શક્તિ બન્ને સાપેક્ષ છે. પદાર્થનું શક્તિમાં રૂપાંતર થઇ શકે છે અને તે શક્તિ m આમ પદાર્થમાંથી ઉપરોક્ત સમીકરણ મુજબ પ્રચંડ શક્તિ પેદા કરી શકે છે. પરમાણુનું વિભાજન કરીને જે અમાપ શક્તિ ઉત્પન્ન થાય છે તેનો પ્રાયોગિક પુરાવો યુરેનિયમ ૨૩૫ પરમાણુવાળા ભારનો પરમાણુ બોંબ બનાવીને વિજ્ઞાનિકોએ તો આપ્યો. પણ તેનો દુરૂપયોગ રાજનીતિજ્ઞોએ કર્યો અને કરે છે તથા કરશે. વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને પોતાની અપ્રતિમ બુદ્ધી શક્તિ વડેજ આ સિદ્ધાંત રજુ કરેલો.

(૪) આ સિદ્ધાંતની સરળ સમજુતિ માટે આપણે થોડીક વાતો જોઇએ. અત્યારે પૃથ્વી ઉપર જે કાંઇ જોઈ અનુભવીએ છીએ તે બધું સાપેક્ષજ છે એક બીજાની સરખામણી કરીને જ માપ આપીએ છીએ. પ્રથ્વી ઉપરજ રહીને સાચું જ્ઞાન પ્રાપ્ત ન કરી શકીએ. તથ્ય શોધવા તો પૃથ્વીથી પર થઇએ તોજ સાચું માપ નીકળી શકે. કોઇ પણ પદાર્થનું પરીમાણ, લંબાઇ, પહોળાઈ, ઉંચાઇ, વજન વિ. સાપેક્ષ છે-એક બીજાની તુલનામાં છે. આપણે એમ કહીએ કે એક છોકરા કે છોકરીને ઉંચાઈ ૪' ૨" છે તો તે સંપૂર્ણ સાચુ નથી. અમુક સમય બાદ તેની ઉંમર વધતા તે ૪' ૩" કે ૪' ૪" પણ થાય. તેથી ઉંચાઇ આ વર્ષે અટલી છે તેમ કહેવું જોઇએ. જો સમય ન દર્શાવીએ તો માપની કાંઇજ કીંમત રહેતી નથી સમય સાથે તે બદલાયાજ કરે છે. વળી આપણે કહીએ કે વરસાદ ૩" ત્રણ ઇંચ પડયો તો તે પણ સમયની સાથે જ સાપેક્ષ છે. સમય ન દર્શાવીએ તો માપની કશીજ કીંમત રહેશે નહિ એટલે વિજ્ઞાનના ત્રણ મૂળભૂત પરીમાણોમાં સમય ચોથું અને અગત્યનું પરીમાણ છે. Time is the fourth dimetnion. એટલેજ આપણે જાણીએ છીએ કે સમય સમય બળવાન છે, નહિ પુરૂષ બળવાન. કાબે અર્જુન લૂંટીઓ વોહી ધનુષ્ય, વોહી બાણ.

(૫) પ્રભુ મહાવીરે સારી રીતે ધર્મને સમય સાથે ઓળખવાનું કહ્યું છે. મૂળભૂત સિદ્ધાંતો બરાબર રહે પણ તેનું અર્થઘટન. બાહ્ય વ્યવહાર સમય સાથે બદલાયાજ કરશે. જો આપણે સમય સાથે તાલમેલ મેળવીને નહિ ચાલીએ તો ધર્મજ ફેંકાઈ જશે.

(૬) વિજ્ઞાનનો સાપેક્ષવાદ relativity કહે છે કે બધુંજ relative એકબીજાને સાપેક્ષ છે આપણે આ સિદ્ધાંત જો માનવ જીવનમાં લાગુ પાડીએ તો સમજી શકાશે કે બધું તુલનાત્મકજ છે. સરખામણી કરીએ તો કોઈ બળવાન નથી કે કોઇ નબળો નથી, કોઈ ઉચ કે નીચ નથી. કોઇ મોટો કે નાનો નથી. કોઈ ગરીબ કે તવંગર નથી બધું સાપેક્ષ છે. લીંટી જેમ નાની કે મોટી કાપકૂપ કર્યા વગર સરખામણી કરીને કરી શકીએ છીએ તેમ આ બધું સમજવાનું છે. વિશાળ અર્થમાં જો સમજીએ તો કોઇ ધર્મ પણ ઊંચો કે નીચો નથી બધું સાપેક્ષ છે.

(૭) સાપેક્ષવાદ આપણને શીખવે છે કે ભાષા, પ્રાંત કે દેશના ઝઘડા નિરર્થક છે. આવો સાપેક્ષવાદ જો આપણે જીવનમાં ઉતારીએ તો વ્યક્તિ તો શું પણ દેશ દેશના ઝઘડા ખતમ થઈ જાય. આપણે એમજ સમજવું જોઇએ કે સારૂં તે જ આપણું. આપણુજ સારૂં છે તે મમત્વ છોડી દેવું જોઈએ. બીજાની વાત પણ સમજવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ. સામાની વાત પણ સાચી હોઈ શકે અને કેટલીકવાર અમુક બાબતોમાં તે હોય છે જ.

(૮) આમ વિજ્ઞાન અને જૈન ધર્મને સ્યાદ્વદ વાદ આપણને સાચી રીતે જીવતાં શીખવે છે. તેમાં વળી સ્યાદ્વાદ વાદ તો બહુજ પ્રાચીન છે. વિજ્ઞાને તો છેલ્લી થોડીક સદીઓમાંજ આ અનિશ્ચિતતાવાદ અને સાપેક્ષવાદ આપેલો છે. જ્યારે જૈન ધર્મનો આ વાદ જૈન તેમજ જૈને-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તર દરેકે પછી તે વ્યક્તિ હોય કે રાષ્ટ્ર સમજવા અને વ્યંવહારમા ઉતારવા જેવો છે જો આટલી સમજણુ શક્તિ દરેકમાં ખીલે તો જગતમાં સર્વત્ર શાંતિજ પ્રવર્તશે.

આમ આપણે જોયું કે જૈન ધર્મનો અનેકાંત· મતવાદ અને સ્યાદ્‌વાદ વાદ તથા અર્વાચીન અનિશ્ચિતતાવાદ અને સાપેક્ષવાદમાં કેટલું બધું સામ્ય છે તે સમજી શકાશે.

જય સ્યાદ્‌વાદ વાદ.



## સત્સંગ

સત્સંગનો મહિમા મોટો છે. સંતોની પાસે તમે બેસો અને તમારૂં જીવન મહેંકી ઊઠશે. ભીતરમાં દટાયેલ શુભ લાગણીઓ આત્માના ગીત ગાતી બનશે અને તમે આત્મોલ્લાસનું નૃત્ય કરવા લાગી જશે.

## દષ્ટિ બદલો

એક વખત તમો દષ્ટિ બદલો, બાહ્ય ને બદલે ભીતર દષ્ટિ કરો; આત્માને જુઓ અને જીવનમાં તમને કયારેય દુઃખની વેદના નહિ સતાવે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાનું મહત્વ
## (વર્તમાન વિજ્ઞાનમાં)

મૂળ લેખક :- શ્રી પ્રવીણકુમાર જૈન અનુવાદક :- પ્રા. અરુણ જોષી

"The sum of Himsa carries all the hosts of darkness such as hatred, anger and malice before himself."

**M. K. Gandhi**

આજે સમગ્ર વિશ્વ દારૂગોળાના ઢગલા ઉપર બેઠેલું છે. શીતયુદ્ધનું વાતાવરણ છે. દરેક રાષ્ટ્ર આતંક્તિ છે અનેક એવા આણુવિક શસ્ત્રોનો આવિષ્કાર થઇ ચૂકયો છે. જેના પ્રયોગથી પલવારમાં સંપૂર્ણ વિનાશ સંભવી શકે. એટમ અથવા હાઇડ્રોજન બોમ્બ અથવા તેનાથી પણ અધિક શક્તિશાળી પ્રક્ષેપકાસ્ત્રોથી સંસારનો નાશ ગમે ત્યારે થઈ શકે તેમ છે. વિજ્ઞાનના ક્ષેત્રે બે સર્વોપરી મહાશક્તિઓ : રશિયા અને અમેરિકા મક્કમતાપૂર્વક એકબીજાની સામે ઊભી છે. લગભગ અડધું વિશ્વ યુદ્ધરત છે. અથવા તો અકમક સામે મોરચો માંડીને લડવા તૈયાર છે. કેટલાય દેશો સાંપ્રદાયિક અથવા કોમી દંગલોથી ત્રસ્ત છે. કેટલાક દેશોમાં ગૃહયુદ્ધની જવાળા પ્રજવલિત છે. સામાજિક અને આર્થિક વિષમતાઓ હિંસક પ્રવૃત્તિને વેગ આપી રહી છે. ભ્રષ્ટાચાર, શોષણ અને દુરાચારની પ્રવૃત્તિઓ મસ્તક ઊંચકી રહ્યા છે. ચારે બાજુ નિરાશાનું વાતાવરણ જોવા મળે છે, સમગ્ર માનવ સમુદાય ચિંતિત છે. એવા વાતાવરણમા આજનો માનવ વૈજ્ઞાનિક અથવા યાંત્રિક માનવ બની ગયો છે. હિંસા ઉપર તેને વિશ્વાસ છે. તે માત્ર પોતાની સુરક્ષા ઇચ્છે છે. ભલે બધા મરે પણ પોતે જીવતો રહેવો જોઇએ. તેથી આ ભયંકર સંહારમાંથી બચી શકાય એવો કોઈ માર્ગ ખોળી કાઢવો જરૂરી છે.

આ વિનાશમાંથી વિશ્વને બચાવી શકે એવું જો કોઈ અમોઘ શસ્ત્ર હોય તો તે અહિંસા પ્રથમ અને દ્વિતીય મહાયુદ્ધોમાં અપૂર્વ નરસંહાર થઇ ચૂકયો છે. હિરોશિમા અને નાગાસાકીમાં એટમ બોમ્બે જે કેર વર્તાવ્યો તે જાણીતું છે અને તેની સામે વિશ્વવ્યાપી પ્રતિક્રિયા થઈ છે.

સંસારનાં બધાં રાષ્ટ્રોએ 'લીગ ઓફ નેશન્સ' નામની એક વિશ્વસંસ્થા સ્થાપી અને આજે તે 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ'ના સ્વરૂપે વિદ્યમાન છે. શાંતિપૂર્ણ ઉપાયોથી વિશ્વમાં શાંતિ સ્થાપવાનો તેનો ઉદ્દેશ છે. હિંસા વિનાશ કરી શકે છે, નિર્માણ નહીં એ વાત ઉપરોક્ત સંસ્થા પાછળનો હેતુ છે.

બીજું ઉદાહરણ સમ્રાટ અશોકનું છે. જ્યારે તેણે કલિંગના યુદ્ધમાં હજારો માનવોને મોતને ઘાટ ઉતાર્યા ત્યારે તેનું મન ઘૃણા, લોભ અને પશ્ચાત્તાપથી સભર બન્યું. ભગવાન બુદ્ધે આપેલ અહિંસાના મંત્રે તે ક્રૂર શાસકને શાંતિનો પૂજારી બનાવ્યો. પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને શાંતિ અને અહિંસાના પ્રચારાર્થે તેણે ભારત બહાર લંકામાં પણ મોકલ્યાં કારણ?

કારણ કે અહિંસા જેવી પ્રાણદાયિની શક્તિના ચમત્કારનો બોધ તેને મળી ચૂકયો હતો.

ગત મહાયુદ્ધોનું વિશ્લેષણ કરતાં એક વાત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્પષ્ટ થઈ જાય છે તે એ કે વિશ્વમાં યુદ્ધોનું કારણ સામ્રાજ્યવાદી લિપ્સા અને મૂડીવાદી પ્રવૃત્તિ છે. પ્રથમ બંને મહાયુદ્ધોને સામ્રાજ્યવાદી વિચારધારાઓનું પરિણામ ગણી શકાય. ત્રીજું મહાયુદ્ધ મૂડીવાદી તથા સામ્રાજ્યવાદી વિચારધારાઓના પરિણામ રૂપે સંભવશે સંપૂર્ણ વિશ્વ સામ્યવાદી તથા મૂડીવાદી અર્થાત્ રશિયા અને અમેરિકાની છાવણીઓમાં વહેંચાયેલ છે. બંને જૂથો એકબીજાની તાકાતને નષ્ટ કરવાની પેરવીમાં છે. સૈનિકીકરણની પ્રવૃત્તિથી વિશ્વની શાંતિ ફરી એકવાર જોખમમાં છે.

આવા વાતાવરણમાં માત્ર અહિંસાજ વિશ્વને વિનાશમાંથી બચાવી શકે. અહિંસાનો આધાર લઇને સંપૂર્ણ વાતાવરણ પ્રેમમય બની જાય એવો પ્રયત્ન આજના બધા રાજનીતિજ્ઞોએ કરવો જોઇએ.

બાંડુંગ સંમેલનમાં પંચશીલના સિદ્ધાન્તનો સ્વીકાર કરવાનું મુખ્ય લક્ષ્ય આ જ હતુ. કોઇ રાષ્ટ્ર બીજા ઉપર બળનો પ્રયોગ ન કરવો એ તેનો પ્રથમ સિદ્ધાન્ત છે.

એક સમય એવો હતો જયારે યુદ્ધમાં પ્રાણ દઈ દેવા એ ક્ષાત્રધર્મ ગણતો. સ્વર્ગે જવાના સન્માનને મેળવવું એ દરેક વીરનું કર્તવ્ય મનાતું. હેગલ, નીત્શે તથા ડારવિન એમ માનતા કે યુદ્ધ તો વિકાસવાદનું જનક છે 'શક્તિશાળી જીતે છે. કમજોર મરે છે. સૃષ્ટિનો વિકાસ યુદ્ધમાંથી થયો છે આજે જે કંઇ શોધખોળો થઈ છે તે કોઈને કોઇ યુદ્ધનું પ્રદાન છે.' પણ, આવું વિચારનારા એ હકીકત ભૂલી જાય છે કે આજે વિશ્વ વિનાશને કિનારે ઊભુ છે અને જો વિનાશ થયો તો કંઈ અવશેષ રહેશે નહિ. યુદ્ધ કરનારો પણ યુદ્ધની વિભીષિકાથી બચી શકશે નહિ. પ્રલયનું પુનરાવર્તન એ જ તેનું પરિણામ હશે.

'કોઇને જીવાડવાની ક્ષમતા જો આપણામાં ન હોય તો કોઈને મારવાનો અધિકાર પણ આપણને નથી.' આ મૂળ સિદ્ધાન્તને આધારે, અહિંસાનું સૂત્ર વિશ્વભરમાં સ્વીકૃતિ પામ્યું છે.

ભગવાન બુદ્ધે અહિંસાનું સૂત્ર દર્શાવતા કહ્યું છે કે 'મન, વાણી અને કર્મ દ્વારા કોઈ પણ પ્રાણીને કષ્ટ આપવુ નહીં.' મહાવીર સ્વામીએ અહિંસાનું સ્વરૂપ એથી પણ વિસ્તૃત રીતે સ્પષ્ટ કર્યું. 'પ્રાણીમાત્રની હિંસા જ દુઃખોનુ મૂળ કારણ છે. માનવે બધા પ્રાણીઓના જીવનની રક્ષા કરવી જોઈએ ' દુઃખી હૃદય પણ ઉત્સાહિત ઉમંગથી પુલકિત ભવ્ય અને પવિત્ર સ્થાનમાં આવીને પ્રાણદાયિની શાન્તિનો અનુભવ કરે છે. એ ગુરૂમાનો સ્પર્શ પચીસ શતાબ્દી બાદ પણ અજર અમર છે અને ભાન ભૂલેલ પ્રાણીઓને માર્ગ ચીંધે છે.

યુદ્ધ નહીં શન્તિ, હિંસા નહીં અહિંસા, તૃષ્ણા નહી સંતોષ, વાસના નહિ સંયમ, ઉત્તેજના નહીં સહજતા આ સંદેશો આપનાર ભગવાન મહાવીર અને તેમની અહિંસા આજે જેટલી જરૂરી છે તેટલી કયારેય ન હતી.

અસ્તિત્વ સંઘર્ષ, સાંસારિક સુખ મેળવવાની અમીટ હોડ તામસીવૃત્તિને જન્માવે છે અને તેનો પરિહાર કરવા માટે મહાવીર સ્વામીની વાણી ગૂંજતી રહે છે.

ઇતિહાસને કૃતજ્ઞ માનવો રહ્યો કારણ કે યુદ્ધ અને હિંસાની કાલિમાના ગહન માર્ગ ઉપર ભગવાન મહાવીર જેવા મહાન તીર્થંકરોનું અહિંસાવર્ધક જીવનરૂપી સુવર્ણતેજ માર્ગને ઉજાળી રહેલ છે અને વિશ્વને એટલા માટે કૃતજ્ઞ માનવું જોઈએ કે જનતામાં સમભાવ, ભાઇચારો, અહિંસા અને સંયમ પ્રત્યે અંગુલી નિર્દેશન કરનાર ભગવાન મહાવીર પણ વિશ્વની જનતામાંના જ એક હતા.

અહિંસા શબ્દનો સાદોસીધો અર્થ હિંસા ન કરવી એ જ છે હિંસા માનવજાતિનું પણ સહુથી મોટું કલંક છે. અહિંસાનું પાલન માત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાણીથી જ નહીં; પણ મન, વચન અને કર્મથી પણ થવું જોઇએ. પોતાના સ્વાર્થ માટે બીજાનું ખરાબ ઇચ્છવું એ એક માનસિક હિંસા જ છે. મહાત્મા ગાંધી અહિંસાનું સાચું મહત્વ સમજ્યા હતા. જીવનમાં અહિંસાને ક્રિયાત્મક રૂપ દેવાનું શ્રેય રાષ્ટ્રપિતાને ફાળે જ જાય છે. તેઓ અહિંસાના પૂજારી હતા અને તેના અર્થને સમજતા હતા. તેમણે અહિંસાની સુંદર પરિભાષા આપી;

'જો હું મારા વિરોધીને મારું તો હિંસા જ છે; પરંતુ સાચા અહિંસક બનવા માટે મારે તેની સાથે પ્રેમ કરવો જોઈએ અને જો તે મને મારે તો પણ તેના (ભલા માટે) માટે મારે પ્રાર્થના કરવી જોઇએ'

એક બીજા લેખક અનુસાર અહિંસાની પરિભાષા આ પ્રમાણે છેઃ

'આપણામાં દયા, પ્રેમ, ત્યાગ વગેરે બધી પ્રવૃત્તિઓ મોજૂદ છે. પ્રવૃત્તિઓને વિકસિત કરીને પોતાના સત્ય અને માનવતાના સત્યને એક કરી દેવા જોઇએ.'

અહિંસા કાયરતા નથી પણ શૌર્યનું જ બીજું નામ અહિંસા છે. અહિંસામાં ન્યાયનું યથોચિત સ્થાન રહેલ છે. ન્યાયના માર્ગે ચાલનાર વ્યક્તિમાં આત્મબળ સ્વાભાવિક રીતે જ આવી જાય છે. આત્મશક્તિનો પ્રભાવ બીજા ઉપર પણ પડે છે. સૂક્ષ્મ જ્ઞાનવાળી ક્ષમતાવાળી વ્યક્તિ મોટે ભાગે આ બાબતનો અનુભવ કરી શકે છે. અહિંસા માનવમાં સહાનુભૂતિ અને કરુણા ઉત્પન્ન કરે છે. આ બધી ઉદાત્ત પ્રવૃત્તિઓનો પ્રભાવ પડે છે - ત્યાગભાવનાનો વિકાસ થાય છે અને સહિષ્ણુતાની શક્તિ આપે છે. આ બધા એવા ગુણો છે એનો આત્મા સાથે સીધો સંબંધ છે, તેથી તેને આત્માના ગુણ માનવામાં આવેલ છે. કારણ કે પ્રાણીમાત્રનો આત્મા પોતાના શુદ્ધ રૂપે સમાન હોય છે અને સામ્ય ધરાવતી વસ્તુઓ એકમેક પ્રત્યે આકર્ષિત થાય છે. તે અરસપરસના પ્રભાવને ગ્રહે છે તથા સ્વયં પણ પ્રભાવિત થાય છે. તેનું પ્રયોગાત્મક રૂપ નીચે આપેલ ઉદાહરણ પરથી સ્પષ્ટ થાય છેઃ

જ્યારે જનતાને જાગૃત કરવા ગાંધીજી બિહાર ગયા ત્યારે તેમનો મેળાપ રાજેન્દ્રપ્રસાદ સાથે થયેલો. તેઓ એ વખતે વકીલાત કરતા હતા અને વ્યવસાય બહુ જ સરસ રીતે ચાલતો હતો. ગાંધીજી જ્યારે એમના ઘરે ગયા ત્યારે બંને મળી શકયા નહિ. ગાંધીજી પાછા ફર્યા. આ સાંભળી ડૉ. રાજેન્દ્રપ્રસાદને દુઃખ થયું અને તેઓ ગાંધીજીને મળવા ઉપડયા. ગાંધીજીના ઉતારે બંને મળ્યા. જનતાની સ્વાતંત્ર્ય માટેની જાગૃતિના અનુસંધાને જેલમાં જવાની સમસ્યા પણ સૈદ્ધાન્તિક રૂપે સાથે આવી. ડૉ. રાજેન્દ્રપ્રસાદ તથા પ્રથમ મુલાકાત વખતે જ જેલયાત્રાનો પ્રસંગ ઉપસ્થિત થતાં તર્ક વિતર્કમાં પડયા.

પ્રસ્તુત આંદોલન ગોરાઓની વિરુદ્ધમાં હતું તેથી જેલયાત્રા કરવી પડે એ સ્વાભાવિક હતું. એ વખતે બંને વ્યક્તિઓની પરિસ્થિતિ ભિન્ન ભિન્ન હતી. તેથી ગાંધીજીએ તેમને ખૂબ જ વિચાર કરીને નિર્ણય લેવા માટે સમય આપ્યો અંતે, ડૉ. રાજેન્દ્રબાબુનો નિર્ણય ગાંધીજીના પક્ષમાં જ આવ્યો અને ખૂબ અર્થોપાર્જન કરાવી આપનાર વકીલાતના વૈભવપૂર્ણ ક્ષેત્રને છોડીને બાબુજી કંટકાકીર્ણ સત્યાગ્રહ અને અન્ય આનુષંગિક આંદોલનમાં કૂદી પડયા. જેલયાત્રા તથા અન્ય સંભાવિત કષ્ટો પણ સાથે આવ્યા છતાં તેઓ સફળતાપૂર્વક સામનો કરતા રહ્યા.

જોવાનું એ છે કે ગાંધીજીમાં એવી કઈ શક્તિ હતી કે જેથી આટલી હદે તેઓને પ્રભાવિત કરી શકી? તે હતી એમની આત્મશક્તિ જે એમણે અહિંસા દ્વારા હસ્તગત કરી હતી. આ શક્તિની તેઓ રાજનૈતિક અને સામાજિક જીવનમાં પરીક્ષા કરી રહ્યા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ, અહિંસા માનવમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન કરે છે અને વિશ્વાસની મર્યાદાનુસાર તેને સફળતા મળે છે. ફળ આપનાર જો કોઈ હોય તો તે વિશ્વાસ જ છે એમ **विश्वास : फलदायक:** દ્વારા કહેવામાં પણ આવ્યું છે.

બુદ્ધની અહિંસા હતી. ગાંધીજીની અહિંસા સમષ્ટિગત હતી. ગાંધીજીએ અહિંસાને રાજનૈતિક રૂપ આપ્યું. ધરાતલ ઉપરથી યુદ્ધની વિભીષિકાને સમાપ્ત કરવા માટે ગાંધીજીએ અમોઘ અને પાવન તાકાત આપણને આપી. આ શક્તિના જોરે ભારતે સ્વાતંત્ર્યના દર્શન કર્યાં અને વિશ્વની શક્તિશાળી સામ્રાજ્યવાદી તાકાત સામે ટક્કર ઝીલી. વિશ્વમાં અહિંસાનું આથી વધુ પરીક્ષણ કયાં જોવા મળશે ?

જો ભારતમાં આજે ૩૮ વર્ષ પછી પણ લોકતંત્ર સફળતા પૂર્વક ચાલી રહ્યું હોય તો આના મૂળમાં ગાંધીજીનું અહિંસાત્મક આંદોલન પડેલું છે એ તથ્ય ભુલાવું ન જોઇએ. કોઈ પણ આંદોલન હિંસક ન બને તે પ્રત્યે ગાંધીજી સજાગ હતા. જયારે જયારે આવું આંદોલન હિંસક બનતું ત્યારે ત્યારે તેને તાત્કાલિક પાછું ખેંચવું શ્રેયસ્કર છે એમ ગાંધીજી માનતા.

જે રાષ્ટ્રોએ બંદુકના બળે સ્વાતંત્ર્ય મેળવ્યું તે કેટલું ક્ષણિક નીવડયું છે તે બાબત ઈતિહાસ સાક્ષી પૂરે છે. એવાં રાષ્ટ્રો આજે પણ તાનાશાહીની હકૂમત હેઠળ છે. આ બાબતનું જવલંત ઉદાહરણ આપણું પડોશી રાષ્ટ્ર 'બંગલાદેશ' છે, કારણ કે હિંસાથી મેળવેલ આઝાદીને હિંસા દ્વારા ગમે ત્યારે રગદોળી શકાય છે.

જે અગ્રેજ પ્રજા વિરુદ્ધ ગાંધીજી પૂર્ણ અહિંસક સ્વાતંત્ર્ય સંગ્રામ લડયા એ જ પ્રજાના એક અંગ્રેજ રિચર્ડ એટનબરોએ 'ગાંધી' ફિલ્મનું નિર્માણ કરી એમ સાબિત કર્યું કે જો આજે વિશ્વને વિનાશમાથી બચાવવું હોય તો તેણે ગાંધી ચીંધ્યો માર્ગ જ અપનાવવો પડશે. આપણે સહુ જાણીએ છીએ કે આ ફિલ્મને વિશ્વવ્યાપી સન્માન પ્રાપ્ત થયું છે.

ગાંધીજીએ અહિંસાને સહુથી મોટો ધર્મ ગણેલ છે. તેમણે તેને ધર્મના રૂપે અપનાવી અને જગતને અમૂલ્ય વિચારધારા આપી મહાભારતનું પ્રસિદ્ધ વાકય છે કે **अहिंसा परमो धर्मः ।** આજ સુધી સંસારમાં એવો કોઈ ધર્મ આવિર્ભાવ નથી પામ્યો કે જેમાં અહિંસાના સિદ્ધાન્તને ન સ્વીકારવામાં આવ્યો હોય વસ્તુતઃ અહિંસા વ્યાપક રૂપે પોતે જ એક ધર્મ છે. અહિંસાનું મૂળ તત્ત્વ પ્રેમ છે. ઘૃણા વિનાશકારી શક્તિ છે અને પ્રેમ સર્જનકારી શક્તિ છે. જેમાં પ્રેમની મન્દાકિની કલકલ ધ્વનિ દ્વારા વહી રહી હોય તેવી અહિંસા જીવનનું એક સત્ય છે. જીવનમાં પ્રેમને પ્રાથમિકતા આપીને આપણે અહિંસાત્મક શાસન વ્યવસ્થાનો પાયો ચણી શકીએ છીએ. તેમાં સર્વ પ્રથમ તો લૂંટમાર અને પારસ્પરિક કલટોને માટે તો સંભાવના જ નથી; જો એમનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે તો અહિંસાત્મક વૃત્તિઓની ઉત્તરોત્તર વૃદ્ધિ જાતે જ તેમને દાબી દેશે: માનવી સેવામાં લીન બનીને સારું આચરણ કરવા માંડશે અને આમ પૃથ્વી ઉપર એક સ્વર્ગ ઊતરી આવશે. જો આપણે અહિંસાના મહત્ત્વને સાચી રીતે સમજવું હોય તો પરસ્પર પ્રેમનો વ્યવહાર કરી મિત્રભાવ ઉત્પન્ન કરવો જોઇએ. ગાંધીજીએ કહ્યું છે કે, અહિંસા પ્રચંડ શસ્ત્ર છે. તેમા પરમ પુરુષાર્થ છે. તે બીકણથી દૂર નાસે છે. તે વીર પુરુષની દાસી છે. અર્થાત્ તેનું સર્વસ્વ છે. તે શુષ્ક, નીરસ, જડ પદાર્થ નથી, તે ચેતના છે, આત્માનો વિશેષ ગુણ છે. અહિંસાનો માર્ગ તલવારની ધાર ઉપર ચાલવા બરાબર છે. સહેજ પણ ગફલત થઈ કે નીચે પડયા જ સમજો. ઘોર અન્યાય કરનાર ઉપર પણ ક્રોધ ન કરવો; પણ તેના પ્રત્યે પ્રેમ કરવો તેનું ભલુ ઇચ્છવું અને કરવું પણ પ્રેમ કરતી વખતે અન્યાયને વશ ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થવું. અન્યાયનો વિરોધ કરવો અને એમ કરતાં, વિરોધી જો કષ્ટ આપે તો ધીરજ ધારણ કરીને, અન્યાયી પ્રત્યે દિલમાં દ્વેષ રાખ્યા વગર સહન કરી લેવું. 'ઉકળતું દૂધ ઠંડા જળથી જ શાંત થાય છે.' અહિંસામાં લોકકલ્યાણ અને જીવ-હિતની ભાવના સમાયેલી છે તેથી અહિંસાનો સાચો અર્થ સમજનારો દેશ અન્ય દેશને કયારેય કોઈ પ્રકારની હાનિ પહોંચાડવાનું વિચારશે નહિ. તેથી કહી સકાય કે અહિંસા દ્વારા જ વિશ્વમાં શાંતિની સુરમ્ય ધારા પ્રવાહિત થઇ શકે છે.

વિનોબાજીએ પ્રેમ અને અહિંસાને જે સફળ પ્રયોગ ભૂદાન આંદોલન અને ચંબલના ડાકુઓની સમસ્યા અંગે કર્યો તે સર્વજ્ઞાત છે. પ્રેમ અને અહિંસાનો માર્ગ લઈ વિનોબા બુદ્ધ બનીને એ અંગુલિમાલો ગયા. હૃદયપરિવર્તન દ્વારા એમની પાસે આત્મસમર્પણ કરાવ્યું.

પ્રેમ અને અહિંસાની માનવી ઉપર આવી મોટી કેવી જીત હોય શકે?

# આપણે જ આપણા ચોકીદાર

• તમારું મકાન ભલે ગમે એટલું મજબૂત હોય, એ મકાનની દીવાલો ભલે સોનાની હોય, એના દરવાજા ઉપર ભલે ગમે એવી મજબૂત ચોકી રાખી હોય તોપણ મોત આવીને ઘૂસી જવાનું છે.

• તમારી પાસે ભલે ગમે એવી રાઈફલ હોય કે મશીનગન હોય, આવી રહેલા મોતને મારવાની કોઈનીય તાકાત નથી.

• જગતનો મોટામાં મોટો ડોકટર તમારો મિત્ર હોય ને તમને જીવાડી દેવાની જબરી ઝંખના એના મનમાં જાગી હોય તોય એની તાકાત નથી કે એ તમને કાયમ જીવાડનારી ગોળી આપી શકે.

• સુપ્રીમ કોર્ટ સુધી લડી શકે એવા કોઇક નામાંકિત વકીલની પાસે જઇને તમો લાખો કરોડોની ફી આપવાની તૈયારી દર્શાવી, આવી રહેલા મોત સામે મનાઇ હુકમ માગશો તો તે વકીલની પણ તાકાત નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૩ અભયદાનનો આનંદ

હિન્દીમાં પ્રવચનકાર : પૂ. આ. શ્રી વલ્લભસૂરિજી મ. સા.
ગુજરાતી રૂપાન્તરકાર : ડૉ. શ્રી કુમારપાળ દેસાઇ

માનવીને પોતાના ધ્યેય સુધી પહોંચાડનારું એક સોપાન છે દાન. દાન આપવાથી માનવી અંતર્મુખ બને છે. બીજાની પરિસ્થિતિનો વિચાર કરે છે. સાથે જ જો દાનની ધારા જીવનમાં વહેવા લાગે તો મનુષ્યના બધા જ કલુષિત કર્મો ધોવાઇ જાય.

## દાનનું વાસ્તવિક સ્વરૂપ

આજે તો એવી દુઃખદ પરિસ્થિતિ છે કે સમાજના મોટા ભાગના લોકો અન્યાય, અનીતિ અને શોષણથી લાખો રૂપિયાની કમાણી કરીને થોડું દાન આપે છે અને ઘણી મોટી પ્રસિદ્ધિ ઇચ્છે છે. હકીકતમાં આને દાન કહેવાય નહિ. આ તો એક પ્રકારની સોદાબાજી ગણાય. કેટલાક લેભાગુ લોકોએ તો દાનની દલાલી કે વેપાર શરૂ કરીને એને કૃત્રિમ અને દૂષિત બનાવ્યું છે આથી અન્યાય, અનીતિ, કાળાબજાર, શોષણ કે કરચોરી જેવાં અશુદ્ધ સાધનોથી મેળવેલું ધન જો કોઇને આપવામા આવે તો તે દાન નહિ બલ્કે પ્રાયશ્ચિત્ત સમજવું. એ પણ ત્યારે કે જ્યારે એ વ્યક્તિના હૃદયમાં અશુદ્ધ માર્ગે મેળવેલી સંપત્તિનો ઊંડો પસ્તાવો હોય અને તેનો ત્યાગ કરવાની તમન્ના હોય. કોઈ પણ સમાજ પોતાની વિપુલ સંપત્તિમાંથી થોડુંક ધન આપીને સમાજને માથે અહેસાન ચડાવતો હોય તો તે વાસ્તવિક દાન નથી. ન્યાય અને નીતિપૂર્વક મેળવેલી કમાણી નામના પ્રસિદ્ધિ કે આડંબરના આશય વિના માત્ર સામાજિક કર્તવ્યપાલનની દૃષ્ટિએ કોઇ યોગ્ય વ્યક્તિને આપવામાં આવે એ જ સાચું દાન છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં સ્પષ્ટ રીતે કહ્યું છે —

'अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम्'

અર્થાત્ સ્વ કે પર પ્રતિ અનુગ્રહ કરવાને માટે પદાર્થ પરથી સ્વામિત્વભાવ કે મારાપણાના ભાવનો ત્યાગ કરવો અને એ વસ્તુ પર અન્યના અધિકારનો સદાકાળ માટે સ્વીકાર કરવો એ જ વાસ્તવિક દાન છે.

જો માત્ર આપવું એનું નામ જ દાન હોય તો તમે ધોબીને ધોવા માટે કપડાં આપો કે સોનીને અલંકાર ઘડવા માટે સોનું આપો તે ક્રિયા પણ દાન ગણાવી જોઇએ. આને દાન ગણતા નથી, કારણ કે એમાં વ્યક્તિ સર્વાંશે ત્યાગ કરતો નથી બલ્કે એને વધુ પરિષ્કૃત કરીને પાછી લેવા માટે આપતો હોય છે. આવી રીતે કશુંક આપીને પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છા રાખવાની ક્રિયાને પણ દાન કહી શકાય નહિ. થોડું ઘણું આપીને એનો ઢંઢેરો પીટનાર યશાકાંક્ષી કે પ્રસિદ્ધિ-લાલસુની ક્રિયાને પણ યથાર્થ દાન કહેવાય નહિ. આથી જ વિદ્વાનોએ કહ્યું છે-

'न दत्वा परिकीर्तयेत्'

'આપીને એના ઠેર-ઠેર વખાણ કરવા નહિ'

લખનૌના નવાબ આસફુદ્દૌલા વિશે કહેવાય છે કે તેઓ ઘણું ગુપ્ત દાન કરતા હતા. કોઈ વ્યક્તિ એમના મહેલ પાસેથી થાળી લઇને પસાર થતી હોય તો ખૂબ સિફતથી તેમાં એક સોનામહોર નાખી દેતા. થાળી લઈ જનારને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આનો કશો ખ્યાલ આવતો નહિ. જ્યારે એ ઘેર જઈને સોનામહોર જોતો ત્યારે એના આનંદની સીમા રહેતી નહિ. નવાબની આવી દાનશીલતા જોઈને કોઈએ એમને કહ્યું, "તમે મોટા દાની છો." ત્યારે તેઓ કહેતા, "મને કોઇ દાની ન કહે એ માટે તો ગુપ્ત દાન કરું છું. આ અંગે શેખ સાહેબનું ઉદાહરણ આપતા કે શેખ સાહેબને લે કો એમ પૂછતાં—

"कैसी सीखे शेखजी दैसी देना देन ?
ज्यों ज्यों कर नीचा करे त्यों नीची
राखो नैन।"

ત્યારે તેઓ ઉત્તર આપતાં—

"देने वाला और हैं, भेजत हैं दिन रैन।
लोग नाम हमरो कहे, ताते नीचे नैन॥"

નવાબ આસફુદૌલા અને શેખ સાહેબ પોતે આપેલા વિપુલ દાનને દાન નહોતા માનતા તો પછી તમે કઇ રીતે તમારા દાનને પોતાનું કહી શકો? જાણે સમાજ પર ઋણ ચડાવતા હો તે રીતે દાન આપીને મફતમાં પ્રસિદ્ધિ મેળવતા તો ચાહતા નથી ને? હું પૂછું છુ કે જેને તમે તમારું ધન માનો છો એ લાવ્યા ક્યાંથી? આ ધન સમાજ પાસેથી મળ્યું છે તો પછી સમાજને પાછું આપવામાં આટલી બધી આનાકની શાની?

## દાનની વિવિધ કક્ષાઓ

વર્તમાન સમયમાં અધિકાંશ લોકો જે રીતે દાન આપે છે એ રીત જ ખોટી છે. ક્યાં તો દેખાદેખીથી અથવા તો શરમમાં આવીને દાન આપે છે કોઇક નામના માટે દાન આપે છે, હૃદયથી કશું આપતા નથી. આ દૃષ્ટિએ દાનની આઠ કક્ષા જોઇ શકાય —

(૧) દાન આપવું પણ ઈચ્છાથી આપવું નહિ. હાથથી આપવું પણ હૃદયથી આપવું નહિ

(૨) દાન પ્રસન્નતાથી આપવામાં આવે પણ દુઃખીની જરૂરિયાત મુજબ આપવામાં આવે નહિ.

(૩) દાન પ્રસન્નતાથી અપાય, આવશ્યકતા મુજબ અપાય પરંતુ માગ્યા વિના આપવામાં ન આવે.

(૪) પ્રસન્નતાપૂર્વક આવશ્યકતા મુજબ અને માગે તે પહેલાં આપવામાં આવે, પણ આ દાન બધાની સામે આપવામાં આવે કે જેથી લેનારને પણ લજ્જા કે સંકોચનો અનુંભવ કરવો પડે.

(૫) દાન એકાંતમાં આપવામાં આવે. માત્ર આપનાર અને લેનાર એ જ જાણતા હોય.

(૬) દાન આપનાર જાણતો હોય, પણ લેનારને એની કશી ખબર ન હોય. આ ગુપ્ત દાન કહેવાય.

(૭) આપનાર પણ જાણતો ન હોય અને લેનારને કશી ખબર ન હોય. પેટીમાં થતું ગુપ્ત દાન આ પ્રકારનું છે.

(૮) દાનની એવી યોજના કરવી કે જેથી દરિદ્રતા ક્યારેય આવે જ નહિ. ભાગીદાર બનાવીને એને કામ શીખવાડવું.

આ આઠ સોપાનમાંથી દાનના કયા સોપાન પર તમે છો તે તમારા અંતઃકરણને પૂછી જુઓ. આથી જ પારાશરસ્મૃતિમાં કહ્યું છે—

'अभिगम्योत्तमं दानमाहूयैव तु मध्यमम्।
अधमं याचमानाय सेवादानं तु निष्फलम्॥'

અર્થાત્ દાન લેનાર વ્યક્તિની સામે જઇને દાન આપવું તે ઉત્તમ દાન છે. એને બોલાવીને આપવું તે મધ્યમ દાન છે. એ માગે પછી આપવું તે અધમ દાન છે. અને માગવા છતાં પણ આપવાને બદલે એની પાસે સેવા કરાવીને આપવું તે નિષ્ફળ દાન છે.

સમાજમાં દરેક પ્રકારના લોકો વસે છે. કેટલાક દાનની કલાને જાણે છે તો કેટલાક દાનથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાવ અજાણ્યુ છે. તેઓ દાન આપે છે, પણ ખૂબ ખરાબ અને વિચિત્ર રીતે. આથી જ એક વિચારકે દાનીના ત્રણ પ્રકાર બતાવ્યા છે.

(૧) જે પોતે સ્વાદિષ્ટ ભોજન કરે પણ બીજાને સ્વાદરહિત ભોજન આપે તે દાનદાસ છે.

(૨) જે પોતે જેવું ખાય છે તેવું જ બીજાને આપે અથવા ખવડાવે છે તે દાનસહાય છે.

(૩) જે પોતે જેવુ ખાય છે એના કરતાં વધારે સારું બીજાને ખવડાવે છે તે દાનપતિ છે.

હકીકતમાં દાનવીર એ છે કે જે પોતે જાતે કષ્ટ સહન કરીને, લુખો સૂકો રોટલો ખાઈને અથવા તો ગરીબીમાં રહીને બીજાને સુખ આપે છે, બીજાને સારું ખવડાવે છે અને બીજાને માટે ધન ખર્ચે છે. એમ કહેવાય છે કે મેવાડના રાણા ભીમસિંહ એક વાર મુશ્કેલીમાં આવી ગયા ત્યારે કોઇએ એમને સલાહ આપી કે, "હવે દાન ઓછું કરો."

આ સાંભળી એમણે જવાબ આપ્યો, "હું ભોજન કે કપડાં ઓછાં કરી શકું, પણ દાન ઓછું કરી શકું નહિ"

## દાનના દૂષણ અને ભૂષણ

જીવનના મેદાનમાં ઘણા લોકો દાનની સાચી કળાથી અનભિજ્ઞ હોવાને લીધે એનો ઉદ્દેશ પાર પાડી શકતા નથી કે એનું સાચુ ફળ મેળવી શકતા નથી. આવા દાની દાન તો એટલું જ કરે છે. પરંતુ એ દાનની સાથે વિવેક, સાત્ત્વિકતા અને નિઃસ્વાર્થતાનો અભાવ હોવાથી એનું કર્યું - કારવ્યું ધૂળ થઇ જાય છે. આથી જ ધર્મશાસ્ત્રોમાં દાનના પાંચ દૂષણ દર્શાવ્યા છે:

"अनादरो विलम्बश्च वैमुखं विप्रियं वचः।
पश्चात्तापश्च दातुः स्याद्दानदूषणपञ्चकम् ॥"

અર્થાત્ દાન આપતી વખતે દાન લેનારની અવગણના કરવી, દાન આપવામાં વિલંબ કરવો, દાન આપવાની અરુચી બતાવવી, દાન લેનાર પર અપશબ્દો વરસાવવા, દાન આપ્યા પછી પ્રસન્નતાને બદલે દુઃખ કે પશ્ચાત્તાપ થવો—આ પાંચ દાનના દૂષણ છે. એનાથી બચવુ જોઇએ. આવી જ રીતે દાનના પાંચ ભૂષણ પણ બતાવવામાં આવ્યા છે.

"आनन्दाश्रूणि रोमाञ्चो बहुमानं प्रियं वचः।
तथानुमोदना पात्रे दानभूषणपञ्चकम् ॥"

અર્થાત્ દાન આપતી વખતે આનંદના અતિરેકથી આસું ઉભરાય આવે. દાન લેનાર પાત્રને જોઇને રોમાંચ જાગે, દાન લેનાર પાત્રનું બહુમાન કરવામાં આવે, મધુર વચનો કહીને એનો આદર કરવામાં આવે તેમજ દાનને યોગ્ય પાત્રની અનુમોદના કરવામાં આવે કે જેથી બીજાને પણ એને દાન આપવાની પ્રેરણા મળે—આ પાંચ દાનના ભૂષણ છે આનાથી દાનની શોભા વધે છે. દાનમાં એક પ્રકારની વિશેષતા આવે છે આથી જ 'તત્ત્વાર્થસૂત્રકાર કહે છે.—

"विधिद्रव्यदातृपात्र-विशेषात्तद्विशेषः"

દાન આપતી વખતે દાનની વિધિ, આપવામાં આવતા દ્રવ્યનો વિવેક, આપનાર અને લેનારની શુદ્ધતા હોય તો એ દાન જીવનમાં વિશેષતા જગાડે છે.

### દાનના પ્રકાર

આ દૃષ્ટિએ જૈનશાસ્ત્રમાં દાનના પાંચ પ્રકાર દર્શાવવામાં આવ્યાં છે. (૧) અભયદાન (૨) સુપાત્રદાન (૩) અનુકંપાદાન (૪) ઉચિતદાન (૫) કીર્તિદાન.

## અભયદાનની ગુણગાથા

દુઃખથી ભયભીત જીવોને ભયરહિત કરવા એમનામાં નિર્ભયતા જગાડવી એ અભયદાન છે.

આજે અભયદાનની વાત સાંભળતા જ લોકો આશ્ચર્યચકિત થઇને વિચારે છે કે શું આવું પણ કોઈ દાન હોય શકે ખરું ? આનું કારણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ કે તત્ત્વજ્ઞાનની સૂક્ષ્મ ચર્ચામાં ડૂબેલા વિચારકો કહે છે કે કોણ કોને અભય આપી શકે છે અથવા તો કોણ કોને પ્રાણદાન આપી શકે? કારણ કે જગતના જીવ માત્ર સ્વતંત્ર છે કોઇ કોઇનું કશું બગાડી કે બનાવી શકતો નથી. આવી વિચારણા કરનારા એ ભૂલી જાય છે કે જીવની સાથે માત્ર એકલો આત્મા જ રહેતો હોતો નથી. એની સાથે શરીર, મન, પંચેન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ વાણી અને આયુષ્ય પણ છે. આ દસ પ્રાણમાંથી કોઈ પણ પ્રાણથી વિખૂટા પડવાની, એને ઇજા પહોંચવાની કે એનો હ્રાસ થવાનો ડર પ્રાણીઓને હોય છે. આવા ભયમાંથી પ્રાણીઓને મુક્ત અને આશ્વસ્ત કરવાનું અભયદાન કે પ્રાણદાનથી જ શક્ય બને.

## વર્તમાન યુગમાં અનિવાર્યતા

આજના યુગની સૌથી મોટી આવશ્યકતા અભયદાન છે. વિજ્ઞાન ધર્મની મર્યાદા ઓળંગીને રાજકીય દાવપેચ ખેલનારાઓની કઠપૂતળી બની ગયું છે. અને એક એકથી ચડિયાતા અણુબોંબ, પરમાણુબોંબ, હાઇડ્રોજન બોંબ જેવા વિનાશક માનવ સંહારક શસ્ત્રો તૈયાર કરી રહ્યું છે. પરિણામે આવા વિનાશકારી શસ્ત્રો હોય તેવા રાષ્ટ્રો અને આવા સંહારક શસ્ત્રો વિનાના રાષ્ટ્રો પણ ભયભીત, શંકિત અને ત્રસ્ત છે. ક્યાં ક્યારે યુદ્ધ થશે, ક્યા માનવસંહાર થવા માંડશે અથવા તો અન્ય પ્રાણીઓ પર મોત તૂટી પડશે એની કોઇને ખબર નથી. આવી પરિસ્થિતિને કારણે જ સમગ્ર માનવ સમાજને જ નહિ બલ્કે પ્રાણીઓને પણ અભયદાનની જરૂર છે. હિરોશિમા અને નાગાસાકી પર ઝીંકાયેલા અણુબોંબોએ સંહારનું તાંડવ રચ્યું હતું. આ વિનાશક ઘટના પરથી જ આપણે અંદાજ લગાવી શકીએ કે જો અણુયુદ્ધ ખેલાય તો લાખો માનવીઓ અને પશુઓનો સંહાર થઈ જશે અને એમાંથી ઊગરી ગયેલા બાકીના પ્રાણીઓ અંગવિહીન, રુગ્ણ અને મરણાસન્ન જીવન જીવતા હશે.

## સાત ભયથી મુક્તિ

જૈન શાસ્ત્રોમાં સાત ભયસ્થાન અથવા ભયના કારણો બતાવવામાં આવ્યા છે. આ દૃષ્ટિએ સાત પ્રકારના ભય હોય છે.

(૧) ઇહલોકભય – આ લોકમાં પોતાની જ જાતિના પ્રાણીથી ડરવું એ ઇહલોકભય છે. મનુષ્ય મનુષ્યથી, દેવ દેવથી, તિર્યંચ તિર્યંચથી અને નારકી નારકીથી ડરે. એના પ્રત્યે આશંકિત રહે અથવા એનાથી ત્રસ્ત થાય તે ઇહલોકભય છે

(૨) પરલોકભય – બીજી જાતિવાળાથી ડરવું તે પરલોકભય છે. મનુષ્ય દેવ કે તિર્યંચથી તિર્યંચ દેવ કે મનુષ્યથી અથવા તો દેવ મનુષ્ય કે તિર્યંચથી ભયભીત થાય તે પરલોકભય છે.

(૩) આદાનભય - ધન વગેરેને કારણે ચોરથી ભય લાગે અથવા તો પોતાની સુરક્ષા અંગે ભય હોય તે આદાનભય કહેવાય.

(૪) અકસ્માતભય - કોઈ બાહ્ય કારણ વિના એકાએક જ દુર્ઘટનાની આશંકાથી ભય લાગવો તે અકસ્માતભય છે. આનું બીજું નામ વેદનાભય પણ છે. જેનો અર્થ છે કોઇ પણ પ્રકારની પીડાથી ભયભીત રહેવું.

(૫) આજીવિકાભય – આજીવિકા ચાલી જશે તેવો ભય લાગવો.

(૬) અપયશભય – પોતાની અપકીર્તિ કે બદનામી થવાના ભયથી ડરવું.

(૭) મરણભય – મૃત્યુનો અથવા તો કોઈના દ્વારા મારપીટ થવાનો અથવા તો પરેશાની થવાનો ભય.

વર્તમાન માનવસમાજને અને સમસ્ત પ્રાણીજગતને આ સાત ભયથી મુક્ત કરાવવાની ખૂબ જરૂર છે. આ સાતેય ભયમાંથી કોઈ એક ભયની શક્યતા પણ મનુષ્યને ત્રાહિમામ ત્રાહિમામ કરી મૂકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અભયદાનનો અધિકારી

સવાલ એ છે કે અભયદાનનો વાસ્તવિક દાતા કોણ થઈ શકે? જે વ્યક્તિ ખૂબ ભયથી પીડાતો હોય અથવા તો નિર્ભય ન હોય એ બીજાને કઇ રીતે અભયદાન આપી શકે? આથી જ અભયદાની બનવાની પહેલી શરત સ્વયં નિર્ભય થવાની છે અને બીજાને ભયમુક્ત કરવાની છે. સ્વયં નિર્ભય થવા માટે વ્યક્તિમાં અહિંસા, સત્ય, આત્મબળ અને આત્મવિશ્વાસ પર્યાપ્ત પ્રમાણમાં હોવા જોઈએ. આ બધાની સાથે પરમાત્મા પર એની પૂર્ણ આસ્થા હોવી જોઇએ. બીજાને ભયમુક્ત બનાવવા માટે અન્યાય. શોષણ, જબરજસ્તી, શસ્ત્ર કે અત્યાચાર જેવી ભયજનક બાબતોનો ત્યાગ કરવો જોઇએ. મહાત્મા ગાંધીજી આ યુગના મોટા અભયદાની ગૃહસ્થવેશી સંત હતા. ભગવદ્ગીતામાં ભક્તનું લક્ષણ બતાવતાં આ જ વાત કહેવામાં આવી છે–

"यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥"

અર્થાત્ "જેનાથી જગતને ભય ન હોય તથા જે સ્વયં જગતથી ભયભીત ન હોય તેમજ હર્ષ, ક્રોધ અને ભયના ઉદ્વેગથી મુક્ત હોય એવો ભક્ત જ મને પ્રિય છે."

સમસ્ત સાધુ સાધ્વી નિર્ભય અને નિઃશસ્ત્ર બનીને જ અન્યને કોઇ પણ પ્રકારે ભયભીત કરતાં નથી અને સર્વત્ર વિચરણ કરે છે. 'શક્રસ્તવ' માં તીર્થંકર પરમાત્માની સ્તુતિમાં એ વીતરાગ તીર્થંકર માટે અભયદયાણં વિશેષણ પ્રયોજ્યું છે. એનો અર્થ છે જગતના બધા પ્રાણીઓને અભયદાન આપનાર. આનો અર્થ એ છે કે જગતના પ્રાણી માત્ર ઓછેવત્તે અંશે કોઈને કોઈ ભયથી ગ્રસિત છે. તેઓ સર્વથા ભયમુક્ત હોતા નથી. એમને પોતાના વ્યવહારથી પૂર્ણપણે નિર્ભય બનાવવા, તેઓના કોઈ પણ પ્રકારના ભયજનક વ્યવહારથી ડરવું નહિ તેમજ મુસીબતના સમયે એમનામાં નિર્ભયતાનો સંચાર કરવો તે અભયદાતા માટે જરૂરી છે સવાલ એ થશે કે આ અભયદાતા આપે છે શું? એનો ઉત્તર એ છે કે અભયદાની ભયભીત પ્રાણીઓના હૃદયમાંથી ભય દૂર કરે છે. પોતાના ઉદાર વર્તન અને આત્મીયતાપૂર્ણ વ્યવહારથી ભયની ભ્રાંતિ પણ હટાવી દે છે. અભયદાતામાં રહેલી ભરપૂર નિર્ભયતા ભયભીત પ્રાણીઓને પણ નિર્ભયતા પ્રદાન કરે છે જેથી તેઓ 'અભય' બની જાય છે. મહાત્મા ગાંધીજીએ તો વ્રતનિષ્ઠ રચનાત્મક કાર્યકર્તાઓને માટે અભયવ્રતનું પાલન જરૂરી બતાવ્યું હતું. જેમાં આ પ્રકારની પ્રેરણા જ નિહિત છે.

આ ભાવનાને લીધે તો ઋષિ-મુનિ કે તપસ્વીઓના આશ્રમમાં કોઈ પણ પ્રાણીનો શિકાર કરી શકાતો નહિ. આ પ્રાણીઓને આશ્રમમાં અભયદાન મળેલું હતું. એમનો શિકાર કરવાની વાત તો દૂર રહી પણ એમને મારપીટ પણ કરી શકાતી નહિ. આથી એ પ્રાણીઓ નિર્ભયતાપૂર્વક આશ્રમમાં હરતાં ફરતાં હતા. "ઉત્તરાધ્યયન સૂત્ર"માં સંયતી રાજાના જીવનની માર્મિક ઘટના મળે છે. તેઓ પોતાના સૈન્યને લઇને જંગલમાં નિર્દોષ પશુઓનો શિકાર કરવા નીકળ્યા હતા. રાજાએ નિર્દયતાથી એક હરણ પર તીર છોડયું. હરણ ઘાયલ થઇને પડી ગયું. એને માથે મોત ભમતું હતુ તેથી પોતાના પ્રાણ બચાવવા માટે ભયભીત હરણ દોડયું અને ધ્યાનલીન ગર્દભિલ્લ મુનિની નજીક આવીને બેસી ગયું. મુનિનું સામીપ્ય સર્વને શરણ આપનારું અને નિર્ભય આપનારું છે. એમ વનના પશુઓ પણ સમજતા હતા.

સંયતી રાજાએ દૂરથી જ્યારે પોતાના શિકારને એક શાંત, નિર્ભય મુનિની નજીક બેઠેલો જોયો ત્યારે તે જરા ખચકાઈ ગયો. તેજ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વી અને પ્રભાવશાળી વ્યક્તિની સામે હિંસક, ક્રૂર અને અત્યંત પાપી વ્યક્તિ પણ શરમથી ઝૂકી જાય છે અને એ સમયે તો દુષ્કૃત્ય કરતો અટકી જાય છે. સંયતી રાજા શિકાર સમેટી લઇને ગર્દભિલ્લ-મુનિની પાસે આવ્યા. જ્યાં પેલું હરણ બેઠું હતું. સંયતી રાજાને મનમાં એવો ભય પણ હતો કે કદાચ આ હરણ મુનિનું જ હશે તો? મુનિના મૃગને ખૂબ દોડાવ્યું અને એને મારવાનો વિચાર કર્યો તેથી કદાચ તેઓ શાપ તો નહિ આપે ને? મુનિને માટે સમગ્ર પ્રાણીસૃષ્ટિ પોતાની જ હતી. સહુના પર એમનો વાત્સલ્યભાવ હોય છે. નિર્દોષ પ્રાણીને વિના કારણે હેરાન કરનારાઓ તરફ પણ એમની વાત્સલ્યધારા વહેતી હોય છે. જેને પરિણામે નિર્દયી માણસો પોતાની નિષ્ઠુર હિંસક વૃત્તિ ત્યજી દે છે. સંયતી રાજા હાથ જોડીને, પ્રણામ કરીને મુનિની ક્ષમાયાચના અને અભયયાચના કરવા લાગ્યા. ધ્યાન પૂર્ણ થતાં મુનિએ આંખો ખોલી અને સમગ્ર પરિસ્થિતિનો એમને ખ્યાલ આવ્યો. સંયતી રાજાને મધુર ઉપદેશથી સમજાવીને દુષ્કર્મ છોડવા કહ્યું—

'अभओ पत्थिवा तुज्झ, अभयदाया भवाहि य।'

'હે રાજન, હું તમને અભય પ્રદાન કરું છું, પરંતુ આજથી તમે આવા નિર્દોષ પ્રાણીઓના અભયદાતા બનો.' એ બિચારા ઘાસ-પાંદડા ખાઇને, મુખમાં તરણું રાખીને તમારા શરણમાં આવે છે તો તમારે એમને અભય બનાવવા જોઇએ.'

બસ, આ અભયધારી મહામુનિનો સંયતી રાજા પર એટલો પ્રબળ પ્રભાવ પડયો કે રાજા દીક્ષા લઈને બધા પ્રાણીઓ માટે અભયદાતા બની ગયો. આથી પૂર્ણ અભયદાતા તો સાધુ-સાધ્વી કે સંન્યાસી જ હોય. આમ છતાં સામાન્ય રીતે એક બીજાને ઓછેવત્તે અંશે અભયદાન તો બધા માનવી આપી શકે છે.

## અભયદાનની વ્યાખ્યા

કોઇ પણ પ્રાણીને ભયથી મુક્ત કરાવવો, એનામાં આફતના સમયે નિર્ભયતા જગાડવી અથવા તો એની સાથે અભયનો વ્યવહાર કરવો તે એક અર્થ છે. આવી જ રીતે એક બીજો અર્થ પણ અભયદાનમાં ગર્ભિત છે. રોગ, શોક, કષ્ટ કે દુઃખમાં રહેલા માનવીઓ કે પ્રાણીઓને એ વેદનાજનક સ્થિતિમાંથી મુક્તિ અપાવવી અને એમને સુરક્ષા આપવી એ પણ છે. આ રીતે ઘણી અહિંસા પ્રચારક, શાકાહાર પ્રેરક અને પશુબલિનિવારક સંસ્થાઓ તેમ જ ગૌશાળા, પાંજરાપોળ, ગોરક્ષક સંસ્થા વગેરેના માધ્યમથી અભયદાનનું કાર્ય થાય છે અને વિશેષ થઇ શકે છે.

સર્વ દાનમાં શ્રેષ્ઠ

બીજા બધા દાનોમાં અભયદાન શ્રેષ્ઠ દાન છે કારણ કે અન્ય દાનથી તો માનવ કે પ્રાણીની અસ્થાયી અને ક્ષણિક તૃપ્તિ કે તુષ્ટિ થતી હોય છે. અન્ય દાનોનો લાભ અમુક સમય સુધી મળતો હોય છે, પરંતુ અભયદાન તો જિંદગીનું દાન છે. જીવનપર્યંત એ ચાલે છે. આથી જ 'સૂત્રકૃતાંગ સૂત્ર'માં કહ્યું છે—

'दाणाण सेट्ठं अभयप्पयाणं'

'દાનોમાં શ્રેષ્ઠ અભયદાન છે.'

મહાભારતમાં પણ કહ્યું છે—

'न भूप्रदानं न सुवर्णदानं न गोप्रदानं
न तथान्नदानम्।
यथा वदन्तीह महाप्रदानं सर्वेषु
दानेष्वभयप्रदानम्॥'

"ભૂમિદાન, સુવર્ણદાન, ગૌદાન, અન્નદાન આદિ એટલા મહત્ત્વના નથી જેટલું મહત્ત્વનું દાન 'અભયદાન' છે"

સાચે જ આ જગતમાં જમીન, સુવર્ણ અને ગાયોનું દાન આપનારી વ્યક્તિ મેળવવી સરળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, પરંતુ ભયભીત પ્રાણીઓની પ્રાણરક્ષા કરીને એમને અભયદાન આપનારી વ્યક્તિઓ વિરલ જ હોય છે. કોઇ વ્યક્તિ પર જીવન મરણનું જોખમ આવી પડે તો એ સમયે એને સોનું, રૂપું, જમીન કે સુખકર સાધનો આપવાનું ગમે તેટલું આશ્વાસન આપવામાં આવે તેમ છતાં એને કશું પસંદ પડતું નથી. એને તો એ સમયે પોતાના જીવને બચાવવાની જ સૌથી મોટી જરૂર હોય છે.

આ અંગે એક પ્રસિદ્ધ શાસ્ત્રીય ઉદાહરણ છે એક રાજાએ કોઈ ચોરને ચોરી અને હત્યાના ગુના બદલ મૃત્યુદંડ આપ્યો. ગુનેગારને ફાંસીએ ચડાવવા માટે લઈ જવામાં આવતો હતો ત્યારે રાજ્યની પરંપરા અનુસાર એના ગળામાં બે હાર પહેરાવવામાં આવ્યા. અને એને ગધેડા પર બેસાડીને ઢોલ વગાડતાં વગાડતાં આખા નગરમાં ફેરવવામાં આવ્યો. બોદા ઢોલને વગાડીને ઢંઢેરો પીટનારો ગુનેગારના દુષ્કૃત્યો અને એને પરિણામે મળેલી ફાંસીની સજાની જાહેરાત ખૂબ જોરથી મોટે અવાજે કરી રહ્યો હતો; આને જોવા માટે આજુબાજુ લોકોની મેદની એકઠી થઇ ગઈ અને એ પણ એની પાછળ ચાલવા લાગી. જ્યારે આ ગુનેગારને રાજમહેલ પાસેથી લઇ જવાતો હતો ત્યારે રાણીઓએ પોતાના ચોકીદારો પાસેથી ગુનેગાર અંગે વાતો સાંભળી. આ સાંભળતાં જ પટરાણીને એના પર કરુણા જાગી. એણે રાજાને વિનંતી કરી કે,

"હે નાથ આ ચોરની ફાંસીની સજા એક દિવસ મોકૂફ રાખીને એ મને સોંપવામાં આવે. એના મૃત્યુ પહેલાં હું એની સેવા કરવા માંગુ છું અને એને મનગમતું ખવડાવીને પ્રસન્ન કરવા ઇચ્છું છું."

પટરાણીના અતિ આગ્રહને કારણે રાજાએ ફાંસીની સજા સ્થગિત કરીને ગુનેગારને પટરાણીને સોંપી દીધો. એને માટે પટરાણીએ અત્યંત સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરાવ્યું. કિંમતી વસ્ત્રો પહેરાવ્યા અને નૃત્યકારો પાસે નૃત્ય, ગીત અને ઉત્સવ રચાવીને એનું પૂરેપૂરું મનોરંજન કરાવ્યું. આમ એક દિવસ પૂરો થતાં બીજા દિવસે રાજાની બીજી રાણીએ અને ત્રીજા દિવસે રાજાની ત્રીજી રાણીએ રાજા પાસેથી ચોરને એક વધુ દિવસની મુક્તિ અપાવી. રાજાએ એમને પણ એક-એક દિવસ માટે ચોરને આનંદિત કરવાનો અવસર આપ્યો. આ રાણીઓએ પણ ચોરના મનોરંજનમાં કશું કરવાનું બાકી રાખ્યું નહિ.

રાજાની ચોથી રાણી ધર્મપરાયણ હતી, પરંતુ રાજા એનાથી નાખુશ હતો. ક્યારેક પોતાની માનીતી રાણીઓની ચઢવણીથી એનું અપમાન પણ કરી બેસતો હતો. આવી દુઃખદ સ્થિતિ અંગે ચોથી રાણી વિચાર કરતી—

"ઓહ, આ મારા પૂર્વના અશુભ કર્મોનું જ ફળ છે. મારા પૂર્વજન્મમાં મેં કદાચ કોઈને વિયોગ કરાવ્યો હશે. આ એનું જ ફળ મને મળે છે. હવે જ્યારે મારી આવી સ્થિતિ થઇ છે તો એનો લાભ ઉઠાવીને અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિ ધર્મવ્રતનું પાલન કેમ ન કરું?"

આમ વિચારીને આ રાણી દાન, શીલ, તપ અને પવિત્ર ઉચ્ચ ભાવોમાં લીન રહેતી હતી. વળી ધર્મકાર્યની કોઇ પણ તક ચૂકતી નહોતી.

ચોથી રાણીને ખબર પડી કે ત્રણ રાણીઓએ ફાંસીની સજાને પાત્ર ચોરને એક એક દિવસ પોતાની પાસે રાખીને ચોરનું મનોરંજન કરવા પ્રયત્ન કર્યો છે તો પોતાને પણ રાજાને વિનંતી કરવાથી આવો અવસર મળે ખરો! જો મને આવી તક મળી જાય તો હું એની સાથે સહાનુભૂતિ રાખીને એને મૃત્યુભયથી મુક્ત કરવા પ્રયત્ન કરું અને એને નિર્ભય બનાવીને ધર્મમાર્ગના પંથે વાળી દઉં.

આમ વિચારીને રાણી રાજાની પાસે વિનંતી કરવા ગઈ. અણમાનીતી રાણીને સામે જોઇ વિચાર્યું કે આ પણ ત્રણ રાણીની માફક ચોરનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક દિવસ મનરંજન કરવા માટે વિનંતી કરવા આવી લાગે છે. રાજાએ રાણીને પૂછયું, "કહે. તારે શું જોઇએ છીએ?"

રાણીએ કહ્યું, "નાથ જો આપની કૃપા હોય તો હું આ ચોરને હંમેશને માટે રાખવા માગું છું. એનો મૃત્યુદંડ માફ કરવામાં આવે એમ ઇચ્છું છું."

રાજા વચનબદ્ધ હતો તેથી એણે રાણીની માગણીનો સ્વીકાર કર્યો એને અને ચોર સોંપી દીધો. ચોરને લઈને રાણી મહેલમાં આવી. એને સાદું ભોજન કરાવ્યું. પછી રાણીએ એને પૂછયું, "ભાઇ હવે તારી શું ઇચ્છા છે? મે તને મૃત્યુદંડમાંથી મુક્તિ અપાવી છે."

બંને હાથ જોડી ચોર વિનયપૂર્વક બોલ્યો, "મા, તમે મને જીવનદાન અપાવ્યું છે એ જ ઘણું છે. હવે હું કશું વિશેષ ચાહતો નથી. માત્ર એટલી જ ઇચ્છા છે કે આજથી આપ મારા ધર્મમાતા બનો અને મને આપનો ધર્મપુત્ર માનો."

રાણીએ કહ્યું "તારી વાતનો સ્વીકાર કરું છું, બેટા! પણ મને એ તો સમજાવ કે તને જ્યારે મૃત્યુ આટલું બધું ભયભીત કરે છે તો પછી તું શા માટે બીજાની કાળી મહેનતથી કમાયેલી અને પ્રાણ કરતાં પણ વધુ સાચવીને જાળવી રાખેલી સંપત્તિની ચોરી કરે છે? શા માટે તુ બીજાના પ્રાણ હરી લે છે? જેમ તને તારો જીવ વહાલો છે એ જ રીતે એમને પણ એમનો જીવ અને ધન વહાલા નહિ હોય? હવે જ્યારે તું મને ધર્મમાતા માને છે અને હું તને મારો ધર્મપુત્ર માનું છું તો પુત્ર તરીકે માતાની વાત માનવી એ તારું કર્તવ્ય છે. આથી આજે તું પ્રતિજ્ઞા કર કે હું કોઇની હત્યા નહિ કરું કે કદી ચોરી કે લૂંટફાટ નહિ કરું". પેલા ચોરે રાણીના ચરણસ્પર્શ કરીને પ્રતિજ્ઞા લીધી.

બીજે દિવસે રાજાએ એ ચોરને બોલાવીને પૂછયું, "ચારેય રાણીઓમાં કઇ રાણીએ તારી સૌથી વધુ સેવા કરી?"

ચોરે કહ્યુ, "મહારાજ, ત્રણે રાણીઓએ નાટક, સંગીત, નૃત્ય આદિનું આયોજન કરી મારું મનરંજન કરવાનો પ્રયાસ કર્યો. સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું અને કિંમતી વસ્ત્રો આપ્યા. પરંતુ સાચું કહું તો એનાથી મને લેશ માત્ર આનંદનો અનુભવ થયો નહિ કારણ કે મારા માથા પર મૃત્યુની તલવાર લટકતી હતી. આવો માનવી કઇ રીતે રાગરંગ કે ખાનપાનમાં આનંદ પામી શકે? આથી જ્યારે ચોથી રાણીમાતાની કૃપાથી મને અભયદાન મળ્યું ત્યારથી મને અપૂર્વ શાંતિ પ્રાપ્ત થઇ છે. આ રાણીમાતાને ત્યાં મને રાગરંગ, કિંમતી પોશાક કે સ્વાદિષ્ટ પકવાનો મને મળ્યાં નથી. તેમ છતાં એના સાદા ભોજનમાં મને અમૃતનો સ્વાદ આવ્યો. મારી જન્મદાત્રી માતાએ તો માત્ર મારા શરીરને જન્મ આપ્યો, પરંતુ મારી ધર્મમાતાએ મારા જન્મોજન્મના પાપની મલિનતાને દૂર કરીને શુદ્ધ ધર્માચરણનો અનુભવ કરાવીને મારો જન્મ અને મારું જીવન ધન્ય બનાવ્યું છે. એમના ઉપકારનો બદલો હું કદાપિ વાળી શકું તેમ નથી. વધુ તો શું કહું?"

રાણીએ ચોરનું જે રીતે હૃદય પરિવર્તન કરાવ્યું તેનાથી રાજા એના પર અત્યંત પ્રસન્ન થયા. બધા દાનોમાં સૌથી ચડિયાતા એવા અભયદાનનો મહિમા રાજાને સમજાયો.

આ કારણે આહારદાન, સંપત્તિદાન, ઔષધદાન કે વિદ્યાદાન જેવા બધાંજ દાનો કરતાં અભયદાનને સૌથી ઉત્તમ ગણવામાં આવ્યું છે.

## ત્યાગ અને તપની જરૂર

પ્રાચીન સમયમાં ભારતવર્ષમાં પ્રાણીઓને અભયદાન આપવા માટે રાજાઓ અમારિપટહની ઉદ્‌ઘોષણા કરાવતાં હતા. જ્યારે આજે આપણા દેશમાં કતલખાનાની સંખ્યા વધી રહી છે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંસાહારનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. જ્યાં માંસાહાર ચાલતો હોય ત્યાં અભયદાનની વાત ક્યાંથી સંભળાય?

અભયદાનનું આચરણ કોઈને કોઈ પ્રકારના ત્યાગની અપેક્ષા રાખે જ છે, પરંતુ એ ત્યાગનું ફળ ખૂબ સુંદર હોય છે. મૂગા પ્રાણીઓના આશીર્વાદ અને પ્રેમ તો આનાથી સાંપડે છે, પણ માનવી પોતાના જીવનનો સર્વતોમુખી વિકાસ કરી શકે છે.

મેઘકુમારનો સમ્રાટ શ્રેણિક (બિંબિસાર)ના પુત્ર તરીકે જન્મ થયો એની પાછળ અભયદાનના ફળસ્વરૂપ થયેલા જીવનવિકાસની અનુપમ કહાની રહેલી છે. મેઘકુમાર પૂર્વજન્મમાં એક બુદ્ધિમાન હાથી હતા અને જંગલમાં વિચરણ કરીને જીવન વ્યતીત કરતા હતા. એકવાર આ જંગલમા ભયંકર આગ ભાગી. આગની જવાળાઓ જંગલમાં ચારે તરફ ફેલાવા લાગી. જ્યાં વૃક્ષ, છોડ કે વનસ્પતિ હતા ત્યાં તો આ આગથી બચવાની કોઈ શકયતા નહોતી. આવે સમયે એ બુદ્ધિમાન હાથીએ વિચાર્યું કે ઝાડપાન વગરની મોટી ખુલ્લી જમીન બનાવી દઉં જેથી એ જમીનમાં જંગલના બધા ભયભીત પ્રાણીઓ આવીને રહી શકે અને ભડભડતી આગથી પોતાના પ્રાણની રક્ષા કરી શકે. હાથીએ તરત જ પોતાનું કામ શરૂ કર્યું. આગ ઘણી દૂર હતી તેથી એક વિશાળ પ્રદેશમાંથી ઝાડ, છોડ, ઘાસ વગેરે હટાવી દઈને સમથળ ભૂમિ બનાવી. આગની જવાળાથી બચવા માટે પોતાના જીવ મુઠ્ઠીમાં વાળીને ભાગતા જંગલના પશુપક્ષીઓ આ ભૂમિમાં એકઠા થયા. આખી ભૂમિ જંગલના પ્રાણીઓથી ખીચોખીચ ભરાઇ ગઇ. એવામાં આ બુદ્ધિશાળી હાથીએ શરીરને ખજવાળવા માટે પોતાનો એક પગ ઊંચો કર્યો. બરાબર આ જ સમયે બીજે કયાંય જગા ન મળતા એક સસલુ આ હાથીએ ઉપાડેલા પગની નીચે લપાઇને બેસી ગયું. હાથી પોતાનો પગ જમીન પર મૂકવા ગયો ત્યાં એના પગને આ સસલાનો સ્પર્શ થયો. હાથીએ જોયું કે એની પગ મૂકવાની જગાએ એક સસલું બેઠું છે. જો એ પગ મૂકે તો કોમળ સસલું કચડાઈ જાય મૃત્યુના ભયથી બચવા તો આ સસલું આ સુરક્ષિત ભૂમિમાં આવ્યું છે.

હાથીનું મન કરુણાથી ઊભરાઈ ગયું. એણે વીસ-વીસ પ્રહર સુધી એટલે કે અઢી દિવસ સુધી પોતાનો પગ ઊંચો જ રાખ્યો. દાવાનળ શાંત થયો. પશુપક્ષીઓ પોતાના સ્થાનમાં જવા લાગ્યા. હાથીએ પોતાનો પગ જમીન પર મૂકવા પ્રયત્ન કર્યો પરંતુ અઢી દિવસ સુધી આવી રીતે ઊભા રહેવાને કારણે એના પગનું લોહી જામી ગયું હતું. આથી પગ જમીન પર આવતા જ એ ધરતી પર ઢળી પડયો. આવા કરુણાપૂર્ણ ઉચ્ચ ભાવો સાથે હાથીનું મૃત્યું થયું અને એ જ પછીના મનુષ્ય જન્મમાં શ્રેણિક રાજાને ત્યાં રાજકુમાર મેઘના રૂપે જન્મ લે છે.

આ છે અભયદાનના ફળરૂપે થતી મનુષ્ય જીવનની પ્રાપ્તિ અને ઉત્તરોત્તર વિકાસ લાભની કહાની. આનું રહસ્ય ભગવાન મહાવીરે ત્યારે પ્રગટ કર્યું કે જ્યારે રાજમહેલનો વૈભવ ત્યાગીને સાધુ બનેલા નવદીક્ષિત મુનિ મેઘકુમાર પહેલી જ રાત્રે બીજા મુનિઓની હરફરથી લાગતી ઠોકરોથી ગભરાઈને અકળાઇ ઊઠે છે અને બીજે દિવસે પ્રાતઃકાળે જ બધા ધર્મ ઉપકરણ પાછા આપીને ફરી મહેલમાં જવા તૈયાર થઈ જાય છે. મેઘમુનિનું મન પોતાના પૂર્વજન્મના અભયદાનને અને એના ફળરૂપે મળેલા માનવજન્મ તથા સાધુ જીવનની પ્રાપ્તિ સુધીની વિકાસયાત્રાની વાત સાંભળીને પુનઃ સંયમમાં સ્થિર થાય છે.

જૈન ઇતિહાસમાં તીર્થંકર શાંતિનાથ ભગવાનના પૂર્વભવમાં મેઘરથ રાજા દ્વારા અને મહાભારતમાં શિબિ રાજા દ્વારા શરણાગત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કબૂતરને અભયદાન આપવા માટે પોતાનો પ્રાણ આપવાની તૈયારીની કથા સુપ્રસિદ્ધ છે.

કેટલાક લોકો પોતાની જિહ્વા લોલુપતાની તૃપ્તિ માટે અથવા પોતાની વાહ વાહ કરવા કે વિવાહ ભોજનની પ્રથાને અક્ષુણ્ણ રાખવા માટે નિર્દોષ પ્રાણીઓનો માંસાહાર કરે છે. માંસાહાર એ માનવીનો સહજ આહાર નથી. આવું કરીને માંસાહારી લોકો અભયદાનની પરંપરામાં અવરોધરૂપ બને છે, વળી માંસાહારને કારણે એમની પ્રકૃતિ ક્રૂર, તામસી, ગુસ્સેબાજ, દુષ્ટ અને લડાયક બની જાય છે. એમનું શરીર જાનવરોની કબર બને છે અને અનેક રોગોનું આશ્રયસ્થાન બને છે. તેઓ અભયદાનનું પાલન કરે તો સ્વયં સાત્ત્વિક, શાંત, બુદ્ધિમાન અને નીરોગી બની રહેશે. એની સાથે અનેક મૂક પ્રાણીઓના આશીર્વાદ અને પ્રેમને પાત્ર બનશે. એ પ્રાણીઓને જીવનદાન આપીને પોતાના સહયોગી બનાવી દેશે.

તીર્થંકર અરિષ્ટનેમિ વિવાહ કરવા માટે પોતાના ભવિષ્યના સાસરામાં પહોંચ્યાં ત્યારે એમણે એક વાડમાં કેદ કરાયેલા અનેક પ્રાણીઓનો કરુણ આર્તનાદ સાંભળ્યો. એમના કરુણાભીના હૃદયે સારથિને પૂછ્યું.

"આ બિચારા નિર્દોષ પશુઓને અહીં શા માટે આમ પૂરવામાં આવ્યા છે ?"

સારથિએ કહ્યું, "આપના વિવાહમાં આવેલા જાનૈયાઓને ભોજન આપવા માટે એમને અહીં ભેગા કરવામાં આવ્યા છે."

નેમિનાથનું હૃદય કરુણાથી દ્રવી ઊઠયું. એમણે સારથિને કહીને બધા જ પશુઓને બંધનમુક્ત કરાવ્યા અને અભયદાન આપ્યું. આને પરિણામે માંસાહાર કરનારા જાનૈયાઓમાં ચડભડ થવા લાગી. નેમિનાથે વિવાહ કર્યા વિના જ પોતાનો રથ પાછો વાળી લીધો. માંસાહારી-લોલુપ વ્યક્તિઓને એમણે માર્મિક ઉપદેશ આપ્યો. જેનું ખૂબ સુંદર પરિણામ આવ્યું. સૌરાષ્ટ્રની ક્ષત્રિય પ્રજાના હૃદયમાં નેમિનાથનો પ્રભાવશાળી ઉપદેશ ગૂંજી રહ્યો. નેમિનાથ ભગવાનના આ ઉપદેશને કારણે જ આજે પણ સૌરાષ્ટ્રમાં માંસાહાર બહુ ઓછો જોવા મળે છે. નેમિનાથે પશુઓને અભયદાન આપીને દીક્ષા ગ્રહણ કરી અને સાથોસાથ ઉપસ્થિત જનતાને અભયદાન માટે સક્રિય જીવંત પ્રેરણા આપી.

માનવી જો એમ વિચારે કે જેમ મને મારો જીવ સૌથી અધિક વહાલો છે એ જ રીતે અન્ય સમસ્ત પ્રાણીઓને પણ એમનો જીવ વહાલો છે તો પછી એ બીજાને કઇ રીતે હણી શકે? 'આચારાંગ સૂત્ર'માં તો અભયદાનની પ્રેરણા આપતાં એમ કહ્યું છે કે, "તું એ જ છે જેને તું મારવા, સતાવવા, ડરાવવા, હેરાન કરવા અને બંધનમાં નાખવા ઇચ્છે છે." જો મનુષ્ય પોતાના આત્માને લક્ષમાં રાખીને બીજાને પીડા આપવાની, મારવાની, હેરાન કરવાની દુઃખ યા ભય આપવાની પોતાની માન્યતાની કસોટી કરે તો એને તરત જ સમજાઈ જશે કે ભયદાન સાચું છે કે અભયદાન ? આથી જ 'દશવૈકાલિક સૂત્ર' પ્રેરણા આપે છે.

'सव्वे जीवावि इच्छन्ति, जीविउं न
मरिज्जउं ।'

અર્થાત્ 'બધા જીવો ( સુખે ) જીવવા ઇચ્છે છે, મરવાનું કોઇ ઇચ્છતું નથી.' આટલું હોવા છતાં કેટલાંક બહેકી ગયેલા અને માંસલોભી મનુષ્યો એમ કહે છે કે, "માંસ સસ્તું છે. એનો ઉપયોગ નહિ કરો તો જાનવરોની સંખ્યા વધી જશે" આ દલીલ તદ્દન તથ્યહીન અને પોકળ છે. આવા જ કેટલાંક બુદ્ધિભ્રષ્ટ લોકોને અભયકુમારે સચોટ જવાબ આપ્યો હતો.

રાજા શ્રેણિકની રાજસભામાં એક એવી ચર્ચા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલી કે કઇ વસ્તુ સ્વાદિષ્ટ અને સસ્તી છે ? કેટલાક બુદ્ધિભ્રષ્ટ, માંસાહારી દરબારીઓએ જવાબ આપ્યો "માંસ", દરબારીઓની ટોળીને માંસાહારની પક્ષપાતી જોઈને અભયકુમારે વિચાર્યું કે આમને સચોટ જવાબ નહિ આપવામાં આવે તો લોકો એમની વાત સાચી માનીને માંસાહારી બની જશે અને મનુષ્યના હૃદયમાંથી અભયદાન અને કરુણાની વૃત્તિ વિલીન થઇ જશે. રાજા શ્રેણિકે અભયકુમારનો મત માંગ્યો. અભયકુમારે કહ્યું,

"હું આ વાતનો વિરોધ કરું છું. માંસ સસ્તું નથી બલ્કે મોંઘું છે. આ સભામાં ઘણાએ દેખાદેખીથી હા માં હા કહી છે પણ તમે કહો તો હું મારી વાત સાબિત કરવા તૈયાર છુ."

શ્રેણિક રાજાએ અભયકુમારને એમની વાત સાબિત કરવા કહ્યું. અભયકુમારે એક યુક્તિ શોધી કાઢી. પોતાના કેટલાંક વિશ્વાસુ સાથીઓ સાથે અંધારી રાત્રે તેઓ માંસ સમર્થક દરબારીઓને ત્યાં પહોંચી ગયા અને એમને કહ્યું,

"અરે ભાઈઓ, તમે લોકો રાજાના વફાદાર અને હિતૈષી સેવક છે. એમને આજે અસાધ્ય રોગ થઇ ગયો છે. એમના સ્વાસ્થ્ય લાભ માટે તમે કંઇક સહાયતા કરશો ખરા ?"

એક દરબારીએ કહ્યું, "જરૂર, શા માટે નહિ ? અમે તો અમારા પ્યારા રાજા માટે અમારા પ્રાણનું બલિદાન આપવા માટે પણ તૈયાર છીએ."

અભયકુમારે કહ્યું, "ચિકિત્સકોનો એવો મત છે કે કોઇ જીવંત માનવીના હૃદયનું થોડું માંસ આપવામાં આવે તો જ આ રોગનું નિવારણ થઈ શકે. આમ નહિ થાય તો સવાર પડતાં જ રાજાનું પ્રાણપંખેરૂં ઊડી જશે."

આ વાત સાંભળીને બધાના હોશ ઊડી ગયા. સહુ વિચારવા લાગ્યા કે કલેજાનું માંસ આપીને વિના મોતે મરવા કોણ તૈયાર થાય ? બધા આમતેમ બહાના બતાવીને માંસ ખરીદવા માટે અભયકુમારને બે–ચાર હજાર રૂપિયા આપીને છૂટી ગયા. રૂપિયા તો ઘણા મળ્યા, પણ કોઈના કલેજાનું રતીભાર માંસ મળ્યું નહિ.

બીજે દિવસે શ્રેણિકની રાજસભામાં બધા દરબારીઓ હાજર રહ્યા. અભયકુમારે ગઈ કાલ રાતની વાત કરીને કહ્યું, 'મહારાજ, ગઈ કાલે હું બધા દરબારીઓને ત્યાં ફરી આવ્યો. મને રૂપિયા તો હજારો મળ્યા, પણ માંસ રતીભાર ન મળ્યું. હવે તમે જ કહો માંસ મોંઘું છે કે સસ્તું ? હું હજી પણ પડકાર કરું છું કે કોઇ પોતાની વાતને સાચી ઠેરવવા માગતું હોય તો તે આ તમામ રૂપિયા લઇને પોતાના કલેજાનું માંસ આપે.'

આખી સભામાં સન્નાટો છવાઈ ગયો નીચું મુખ રાખીને બેસી રહ્યા. આખરે અભયકુમારે સહુને કહ્યું કે, 'જો પોતાનું માંસ લાખો રૂપિયા આપવા છતાં મળવું દુર્લભ છે તો પારકું માંસ પણ વધ્ય પ્રાણીઓને માટે મોંઘું કે મહામૂલું નહિ હોય ? અવશ્ય છે જ.'

આમ અભયદાન ત્યાગ અને તપ માગે છે. પરંતુ આ અભયદાનથી સ્વપરકલ્યાણ નિશ્ચિત છે. એમાં કોઈ સંદેહ નથી.

સ્થળ :- જૈનભવન, બીકાનેર

તા. ૩૦-૭-૪૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવમો સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય 'જૈન સમાજ'માં અનેકવિધ ઉપયોગી પ્રવૃત્તિ કરનારી વિશિષ્ટ સંસ્થા છે. તેમના કાર્યવાહકો દીર્ઘદષ્ટિવાળા અને સુંદર આયોજન શક્તિ ધરાવનારા છે. તેમની સુંદર આયોજન શક્તિથી તેઓ કેળવણી અને સાહિત્યક્ષેત્રે અનેક સુંદર ઉપયોગી પ્રવૃત્તિઓ કરે છે. કેળવણી ક્ષેત્રે તો આ સંસ્થાની પ્રવૃત્તિ બહું જાણીતી જ છે. જૈન આગમ પ્રકાશન, સાહિત્ય સંશોધન અને સાહિત્ય વિકાસના અટપટા અને કપરા કાર્યમાં પણ સામાન્યજનથી વિદ્વાનો સુધી રસ લઈ શકે. એવી દીર્ઘકાલીન સુયોગ્ય પ્રભાવ પાડનારી પ્રવૃત્તિ માટે પણ આ સંસ્થાની પ્રવૃત્તિઓ અનુમોદનીય અને નોંધપાત્ર છે.

તેમાંની એક પ્રવૃત્તિ તે 'સાહિત્ય સમારોહ'ની પ્રવૃત્તિ. આ સાહિત્ય સમારોહ દ્વારા શ્રી મહાવીર વિદ્યાલય જૈન સમાજને માટે ખૂબજ અગત્યનું કાર્ય કરી રહેલ છે.

છેલ્લે આ સંસ્થા દ્વારા નવમા સાહિત્ય સમારોહનું આયોજન પૂ. આ. શ્રી યશોદેવ-સૂરિજીની પ્રેરણાથી પાલીતાણાના સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિરના આમંત્રણથી રાખવામાં આવેલ, આ સમારોહ જૈન સાહિત્ય મંદિરના હોલમાં યોજાયો હતો. સમારંભના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂ. આ. શ્રી યશોદેવસૂરિજીએ કહ્યું હતું કે "જૈન સમાજ પાસે વિશ્વના ચોકમાં ઉન્નત મસ્તકે ઊભા રહી શકીએ એવો સાહિત્યનો અજોડ વારસો છે. એ અજોડ વારસાનું આપણે સારી રીતે જતન કરવું જોઈએ આ પ્રસંગે અનેક વિદ્વાનો અને સાહિત્ય પ્રેમીઓએ હાજરી આપી હતી.

ઉદ્‌ઘાટન પ્રવચન કરતા જૈન આગમના તેમજ ષડ્‌દર્શનના જ્ઞાતા વિદ્વાન મુનિશ્રી જંબૂ-વિજયજીએ જૈન શાસ્ત્રો અને સાહિત્યની વિશેષતા અને ઉપયોગીતા સમજાવી હતી.

આ ઉપરાંત શ્રી જંબૂવિજયજી મ. સા. એ જૈન ધર્મમાં જ્ઞાન, તપ અને સંયમનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ સમારોહમાં વિદ્વાન લેખકોએ પોતપોતાના લેખોના સાર કહી-વાંચી સંભળાવ્યો હતો. પૂ. શ્રી મિત્રાનંદસૂરિએ પણ સમ્યગ્‌જ્ઞાનની મહત્તા વિશે ટૂંકું પ્રવચન કર્યું હતું. પૂજ્ય મુનિરાજશ્રી મણિપ્રભસાગરજીએ બે બોલ કહ્યા હતા.

આ પ્રસંગે પાલીતાણાના ધાર્મિક શિક્ષકો શ્રી કપૂરચંદભાઈ, શ્રી જયંતીભાઈ તથા અન્ય વિદ્વાનો શ્રી બાવીશી તથા શ્રી સોમચંદ ડી. શાહ, શ્રી મનસુખભાઈ તથા શ્રી પોપટભાઇનું સાહિત્ય મંદિર તરફથી બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમારોહને સફળ બનાવવામાં શ્રી રમણલાલ સી. શાહ તથા અન્ય કાર્યવાહકોનો ફાળો નોંધપાત્ર હતો. સાહિત્ય મંદિરના ટ્રસ્ટીએ શ્રી વજુભાઈ વોરાએ સહુનો આભાર માન્યો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતનની કેડી

— પદ્મસાગરસૂરિ

## સાધુ–સંતો દીવાદાંડી રૂપ છે

સાધુ-સંતો-ગુરુઓ ભવસાગરની દીવાદાંડી રૂપ છે. દીવાદાંડીમાં પ્રકાશ છે. આ સાધુ-સંતોના અંતરમાં દિવ્ય પ્રકાશ છે. આ જ્ઞાન પ્રકાશથી ગુરુઓ સંસારીઓને સાવધ કરે છે: થોભો! વાસનાઓના વાદળ આવી રહ્યા છે. થોભો! આગળ કષાયના વમળ છે.

## ધ્યેય

ધ્યેય નક્કી કરો અને તેના પર નિશાન તાકો-ધ્યેય મુક્તિનું રાખશો અને નિશાન બીજે તાકશો તો મુક્તિ કદી નહિ મળે.

## તપ કરો

જગતના તમામ ધર્મો અનુરોધ કરે છે કે—

ઊર્ધ્વ ગતિ પામવી હોય, ઊંચે ચડવું હોય, ઉન્નતિ કરવી હોય; જીવનને મીઠું અને મધુર બનાવવું હોય તો—

તપ કરો, સહન કરો, સાધના કરો, સમભાવ કેળવો.

## દાન

તમારી પાસે બુદ્ધિ છે, તો એ બુદ્ધિનું દાન કરી જગતમાં સારા અને ઉમદા વિચારો ફેલાવો. ક્લેશ અને કંકાસ ઓછા કરવામાં મદદગાર બનો.

તમારી પાસે સમય અને શક્તિ છે તો દુઃખીઓની સેવા કરો, હતાશને આશા આપો, તેને નવું જીવન જીવવાનું બળ આપો.

કશાયનો સંગ્રહ ન કરો, આપો, વહેંચો અને જુઓ કે તમારું જીવન મીઠું બની રહેશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

૧ શેઠશ્રી પન્નાલાલ લલ્લુભાઈ પટ્ટણી સંવત ૨૦૪૪ના કારતક શુદ ૧૧ તા. ૧-૧૧-૮૭ના રોજ નવકાર મંત્રનું સ્મરણ કરતાં ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના પેટ્રન હતા. તેઓશ્રી ખુબજ ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેઓશ્રી દાદાસાહેબ સોસાયટીના અગ્રણીય કાર્યકર્તા હતા. તેઓશ્રીએ શત્રુંજય નવ્વાણું જાત્રા કરી ત્યાં સવા લાખ નવકારનો જાપ કરેલ. તથા તેઓશ્રીએ ઉપધાનતપ પણ કરેલ. નવટૂંકમાં શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિષ્ઠા તેમજ રાજસ્થાનમાં પણ ત્રણ ભગવાનની પ્રતિષ્ઠા કરાવવાનો તથા શ્રી દાદાસાહેબમાં શ્રી ચંદ્રપ્રભુજીની પ્રતિષ્ઠા કરાવવાનો લાભ લીધેલ હતો. પૂ. સાધુ-સાધ્વી ભગવંતોના વૈયાવચ્ચ પણ ખુબ આદરથી કરતા. આંબેલશાળા તથા પાઠશાળાના વિકાસમાં પણ સારો રસ લેતા હતા અને તે અંગે સારી સખાવતો પણ કરેલ. તેમના કુટુમ્બીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાન્તિ માટે પ્રાર્થના કરીએ છીએ.

*

૨ શ્રી ચંદુલાલ પ્રભુદાસ શાહ સંવત ૨૦૪૩ના આસો વદી ૧૪ બુધવાર તા. ૨૦-૧૦-૮૭ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુમ્બ ઉપર પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમશાન્તિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

*

૩ શ્રી અમૃતલાલ શામજીભાઈ દોશી સંવત ૨૦૪૪ના કારતક વદ ૭ તા. ૧૩-૧૧-૮૭ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતાં. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુમ્બ ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

# યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૪ના કારતક વદ ત્રીજને રવીવાર તારીખ ૯-૧૧-૮૭ના રોજ શેત્રુંજીડેમ તીર્થ યાત્રા કરવા ગયા હતા. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. ખૂબજ આનંદ અને ભક્તિ પૂર્વક પૂજા ભણાવામાં આવી હતી. સવાર સાંજ સ્વામી ભક્તિ કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુષ્કાળમાં આપણું કર્તવ્ય

દુષ્કાળની સ્થિતિ આપણા ગુજરાતમાં તીવ્ર બનતી જાય છે રોજે રોજ હજારો પશુઓ મોતના મોંમાં હોમાઈ રહ્યાના હેવાલો બહાર આવતા જાય છે. આ વખતનો દુષ્કાળ એવો છે કે કેવળ શ્રીમંતોએ જ નહિ, પણ એક પણ પૈસાનો ફાળો ન આપી શકે એવા ગરીબોએ પણ દુષ્કાળપીડિતોની સેવા માટેનું પોતાનું કર્તવ્ય નીચે પ્રમાણે બજાવવું જોઇએ :

૧. પોતે ખાઇ શકે એટલું જ થાળીમાં લેવું જોઇએ, એઠું નથી જ છોડવું એવું વ્રત લેવું જોઈએ.

૨. ઘેર આવેલા મહેમાનને પરાણે ખવડાવવાનો આગ્રહ કરી તેની થાળીમાં ખાદ્ય-સામગ્રી નાખતા જ રહેવાની આદત છોડી દેવી જોઈએ. એવા દુરાગ્રહને લીધે કાં તો મહેમાનનું સ્વાસ્થ્ય બગડે છે, કાં તો એની થાળીમાં એઠું છાંડવાને લીધે ભોજન બગડે છે.

૩. પાણીના ગ્લાસમાં પીવું હોય એટલુ જ પાણી લેવું જોઈએ. ગ્લાસ મોંઢે માંડીને પીવાને બદલે અદ્ધરથી પીવાની ટેવ પાડવી જોઈએ કે જેથી વધેલું પાણી બીજા પી શકે. કોઈ પણ સંયોગોમાં પીવાલાયક મીઠું પાણી ગટરમાં જાય એવું તો ન જ થવા દેવું જોઈએ.

૪. ઘરમાં પીવા માટેના તેમ જ મહેમાનને પાણી આપવા માટેના ગ્લાસ નાના રાખવા જોઇએ. અગર તો ગ્લાસમાં ઓછું પાણી લેવું જોઈએ. એવો અધૂરો ગ્લાસ પીધા પછી જરૂર પડે તો બીજું પાણી આપી શકાય, પણ ગ્લાસનું એઠું પાણી વધે તે ગટરમાં જાય એવું તો ન જ થવા દેવું જોઈએ.

૫. અત્યારના સંયોગોમાં નાના કે મોટા જમણવારો ન જ કરવા જોઈએ. એવા જમણવાર થતા હોય ત્યાં ન જ જવાનું વ્રત લેવું જોઈએ. જમણવાર કરનારને માંડી વાળવા માટે પ્રેમથી સમજાવવું જોઇએ ને જમણવાર કરવા માટેની લાગણી દુષ્કાળપીડિત પશુઓ માટેના ઘાસના જમણવાર તેમ જ દુષ્કાળપીડિત માનવો માટેના પોષણયુક્ત આહારના જમણવાર ભણી વળી જાય એવો પ્રયત્ન કરવો જોઈએ.

૬. દુષ્કાળપીડિતો પ્રત્યેની સદ્ભાવનાપૂર્વક અઠવાડિયામાં એક અગર બે વખત એકટાણું કરી તે તે નિમિત્તે દુષ્કાળપીડિતોની સેવા કરવાનું લક્ષ રાખવું જોઈએ. શાસ્ત્રીજીના સોમવારની જેમ દુષ્કાળ પીડિતો માટેનો સેવાવાર દર અઠવાડિયે ઉપવાસ દ્વારા દુષ્કાળ પીડિતોની સેવાના રૂપમાં કરવો જોઇએ.

૭. અનાજનો એકેએક દાણો ને પાણીનું એકેએક ટીપું બચાવવાનો સંકલ્પ દુષ્કાળપીડિતોની દશાને નજરમાં રાખીને કરવો જોઇએ.

આ રીતે ગુજરાતનો એકએક નાગરિક દુષ્કાળપીડિતો પ્રત્યેની સદ્ભાવના દાખવે તો દુષ્કાળપીડિતો પ્રત્યે સાચી સેવા કર્યાનો સંતોષ અનુભવી શકે.

'સદ્વિચાર પરિવાર'

તંત્રી. શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર

For Private And Personal Use Only